۷۸۶-۹۲

"બેશક ! આપ (હુઝૂર ﷺ) અખ્લાકના શ્રેષ્ઠ સ્થાને બિરાજમાન છો.'' –કુર્આન

# ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ


અઝ: હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી

(સદર : અલજામિઅતુલ અશરફિયહ્–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)



❖ પ્રકાશક ❖

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦

ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૪૨ આવૃત્તિ–૨ પ્રત : ૪૦૦૦

૧૦–શા'બાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૪૨૭ સપ્ટેમ્બર–૨૦૦૬


ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફત મંગાવો !


નૂરાની આર્ટ–દયાદરા, ફોન : ૦૨૬૪૨ (૨૮૨૭૯૨)




## અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રકાશકના બે બોલ.. (પટેલ શબ્બીર અલી રઝવી) | ૦૩ |
| ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ | ૦૪ |
| અખ્લાકે હસના (સુસંસ્કાર) | ૦૯ |
| બુરા અખ્લાક (કુસંસ્કાર) | ૧૦ |
| ઝોહદો કનાઅત (થોડામાં રાજી રહેવું) | ૧૧ |
| તવાઝોઅ : આજિઝી–નમ્રતા | ૧૭ |
| પ્રજાની દેખરેખ તથા સેવા | ૧૯ |
| અમલદારો પર કડકાઈ | ૨૫ |
| ન્યાય તથા સમાનતા | ૨૯ |
| ઝિમ્મી કાફિરો સાથે છૂટછાટભર્યો વર્તાવ | ૩૬ |
| ખૌફે ખુદા | ૪૪ |




# પ્રકાશકના બે બોલ...

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

## શ્રેષ્ઠ સંસ્કાર માટે ઈસ્લામી તા'લીમ અનિવાર્ય



આજે જગતભરમાં બેચૈનીનો માહોલ ફેલાયેલો આપણે જોઈ રહ્યા છીએ, ક્યાંક લૂટફાટના બનાવો તો ક્યાંક બળાત્કારના બનાવો તો ક્યાંક મારપીટ તથા કોઈનો માલ પચાવી પાડવાનો તો ક્યાંક મા બાપની સતામણી તો ક્યાંક પત્ની પર જુલ્મ તો ક્યાંક ઔરતોની છેડતી તથા બેઈજજતી તો ક્યાંક આત્મહત્યાના બનાવો, ક્યાંક ધોકાબાજી તથા છેતરપિંડીના બનાવો ઠેર ઠેર બની રહ્યા છે. દિન બ દિન સામાન્યજનોની શાંતિ તથા સલામતી ખતરામાં જોવા મળી રહી છે. આ સર્વ કાંઈ થવાનું કારણ એ છે કે માણસ સુસંસ્કારોથી દૂર થઈ રહ્યો છે. સુસંસ્કાર, સારા અખ્લાક, સુટેવોવાળો માનવી હોય તો તેનામાં માણસાઈ હોય છે, તે કોઈનું બુરુ કરવા કે કોઈને દુઃખી કરવા કે કોઈના પર જુલ્મ કરવાની કદી કલ્પના પણ કરશે નહીં, તે દરેક વાતને ન્યાયની નજરે જોશે, પ્રમાણિકપણે વર્તશે, નબળાઓની સહાનૂભૂતિવાળો અને દરેકને મદદરૂપ થવાની ભાવનાવાળો



લાગણીશીલ હશે, પરાઈ સ્ત્રીઓની છેડતી નહીં કરે પણ પોતાની માં બહેન જેમ તેમની ઈજ્જત કરશે.... વગેરે.

સુસંસ્કાર આવે છે ક્યાંથી ? જો માં બાપ સંસ્કારી હોય અને બાળકોની કેળવણી પાછળ કાળજી રાખે તો તે બાળકોનું ઘડતર સુસંસ્કારી તરીકે થઈ શકે તથા સારી સોહબત અથવા જ્યાં તા'લીમ કે શિક્ષણ મેળવે ત્યાંના ટીચર કે ઉસ્તાદો સંસ્કારી હોય તો વિદ્યાર્થી સુસંસ્કારી બની શકે છે. પણ આપણે જોઈએ છીએ કે માં બાપો તરફથી એવી સુસંસ્કારની તા'લીમની ક્રમે ક્રમે ઉણપ જણાઈ રહી છે કેમ કે આપણો સમાજ પછી તે ગમે ધર્મવાળા હોય પશ્ચિમી અધર્મી તથા નાસ્તિક જેવા ખયાલોવાળા કહેવાતા ઈસાઈ યહૂદીના ફેલાવેલા આઝાદ સ્વચ્છંદી કુસંસ્કાર પ્રતિ દોડી રહ્યો છે. આપણા ત્યાંના ધાર્મિક વૃત્તિવાળા લોકોમાં કાંઈક સારા અખ્લાક જોવા મળી શકે છે પણ ટી.વી.ના માધ્યમ થકી વિવિધ પ્રોગ્રામોમાં સતત કુસંસ્કારનો ફેલાવો થાય, બેહયાઈ, હિંસા તથા સ્વચ્છંદીપણુ ફેલાય તેવી સીરીયલો, ફિલ્મો, ડ્રામાઓ તથા દશ્યોની વર્ષા વરસી રહી છે જે વર્તમાન બાળકો યુવાનોને સંસ્કારની અધોગતિની ખાઈમાં ફેંકી રહેલ છે. અને એનું પરિણામ સૌ જોઈ રહ્યા છે કે વ્યભિચાર, બેહયાઈ તથા કોઈ માં બહેનની છેડતીને, કોઈને દુઃખી કરવાને, કોઈની સાથે ધોકો કરવાને, ધાંધલ ધમાલ મચાવી સામાજિક શાંતિનું ખંડન કરવાને આજના યુવાન યુવતીઓ ખેલ સમજે છે. માં બાપની તથા સામાજિક સંબંધોની લાગણી, માણસાઈ વગેરે અદશ્ય થઈ રહ્યું છે.

દુનિયામાં અમ્નો શાંતિ, સુસંસ્કારનો જામિન જો કોઈ ધર્મ હોય તો ઈસ્લામ જ છે. આજે ઈસ્લામને બદનામ કરવા જાત જાતના આક્ષેપો લગાડી તેની છબી વિકૃત કરવા કોશિશો થઈ રહી છે પણ એ નાદાનો ઈસ્લામનો, ઈસ્લામના પયગંબરનો તથા તેમના

અનુગામીઓના જીવનની સ્થિતિઓનો અભ્યાસ કરે તો તેમને યકીન થઈ જશે કે **બેશક ! સુસંસ્કારની શ્રેષ્ઠતા પામવી હોય તો ઈસ્લામના કાનૂનો તેના રસૂલ તથા સહાબા તેમજ બુઝુર્ગોના જીવન પ્રમાણેનું જીવન જીવવું જોઈએ.**

આવો ! પ્રસ્તુત કિતાબમાં નબી કરીમ ﷺના ખાસ સાથીઓ, તેમના અનુગામી ખલીફાઓના સંસ્કાર કેવા હતા તેનો અભ્યાસ કરો, મનન કરો અને તેના પર અમલ કરવા કોશિશ કરો. સુન્ની જગતની ટોચની હસ્તીઓમાંના જબરદસ્ત આલિમે દીન, ઉસ્તાઝુલ ઉલમા, મહાન મુદબ્બિર **હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ અહમદ મિસ્બાહી** مد ظلہ العالی (સદર, જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)એ પોતાની અતિ વ્યસ્તતા છતાં ''અહલે સુન્નત કી આવાઝ'' (વાર્ષિક અંક : ખાનકાહે બરકાતિયા મારહરા શરીફ) માટે લખેલ લેખને અત્રે રજૂ કરીએ છીએ. કહેવત છે કે ''કૂવામાં હોય તો હવાડામાં આવે'' **આજે સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓમાં તા'લીમ લેનારા યુવાનોનાં કારનામાં, યુવાન યુવતીઓનાં કરતૂતો જોતાં કોણ કહી શકે છે કે ત્યાં સુસંસ્કારની તા'લીમ મળે છે.** અરે ! સારાં છોકરાં પણ કોલેજોમાં જઈને નાલાયક બની જતા હોય છે, કુછંદે ચઢી જતાં હોય છે, જેમ કે ઝિના, ડ્રગ્સ, શરાબ, નાચગન, ચોરી, બદ્‌માશી કરતાં પણ જોવા મળે છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) એઓમાંથી જ આગળ જતાં દેશના નેતાઓ, કાયદા ઘડનારા બનતા હોય છે તો સ્વભાવિક છે કે તે દેશને તબાહીની ખાઈમાં નહીં નાખે તો શું કરશે ?! આ સ્થિતિ હવે દેશે દેશ ફેલાઈ રહી છે અને એનું જ પરિણામ છે કે આજે વિ□ભરમાં નાઈન્સાફી, જુલ્મો સિતમ, બળીયા દેશો કમજોર દેશો પર જુલ્મો સિતમ કરી લાખો માનવોના લોહીની હોળી ખેલી રહ્યા છે



અને જૂઠને સચ અને સચને જૂઠ, તથા જુલ્મને ઈન્સાફ અને ઈન્સાફને જુલ્મ ઠરાવી રહ્યા છે. આ સૌ સુસંસ્કારોની કમીનું જ પરિણામ છે.

અલ્લાહના રસૂલ માટે કુર્આને પાકમાં ખૂદ રબ્બે કાઈનાતે ફર્માવ્યું, ''હે મહબૂબ ! બેશક આપ અખ્લાકના શ્રેષ્ઠ સ્થાને છો.'' તો જે અખ્લાકના શ્રેષ્ઠ સ્થાને હોય તેની હેઠળ તા'લીમ પામેલા અને તેની સોહબતમાં રહેનારા સહાબીઓ તથા વિશેષતઃ ખલીફાઓ અખ્લાકના ઉચ્ચ સ્તરે કેમ ન હોય ?! અને એટલે જ **ગેરંટી સાથે કહી શકાય છે કે ઈસ્લામી તા'લીમ જ સુસંસ્કારની ઉચ્ચ મહેક ફેલાવી શકે છે, અને ઈસ્લામી મદ્રસાઓને જેઓ આતંકવાદ સાથે સાંકળે છે તેમણે શરમ કરવી જોઈએ અને જોવું જોઈએ કે ત્યાં સારા અખ્લાક તથા સારા માનવ બનવાની, ગુનાહો તથા કુકર્મોથી દૂર થવાની જ તા'લીમ આપવામાં આવી રહી છે.**

તેમજ વર્તમાનકાળમાં **રાજકિય નેતાઓ** જેઓ **પ્રજાની સેવા**નો ઢોંગ રચીને પ્રજાની સાથે કેવો ધોકો કરી રહ્યા છે તે પણ આપણે જોઈ રહ્યા છીએ, તો એવા હરામખોરો અને ઐયાશ નેતાઓ ખરેખર પ્રજાના સેવક થવા ચાહતા હોય તો એમના માટે ખુલફાએ રાશિદીનના આ જીવન પ્રસંગો બોધપાઠ માટે પૂરતા છે કે તેઓ એમાંથી સબક લઈ પોતાની સુધારણા કરી શકે છે.

મૌલા કરીમ સૌને ઈસ્લામી અખ્લાક અપનાવવાની તૌફીક અતા કરે. آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ والتسلیم

તા. ૨/૯/૨૦૦૬ — લિ. **પટેલ શબ્બીર અલી રઝવી**

વાર : શનિવાર — *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



# ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ

મૂળ વિષય પર ચર્ચા કરતાં પહેલાં અખ્લાક, નિઝામે અખ્લાક અને ઈસ્લામી નિઝામે અખ્લાકની અમુક અંશે સ્પષ્ટતા કરી દેવામાં આવે એ યોગ્ય ગણાશે.

અખ્લાક "ખુલ્ક"નું બહુવચન છે અને તેનું મૂળ "ખ઼લ્ક઼"થી છે જેનો અર્થ ઠીક અંદાજા પર બનાવવું છે. પછી પ્રાકૃતિક શક્લો સૂરતને (કુદરતી સ્વરૂપ દેખાવને) "ખ઼લ્ક઼" અને ફિતરી (સ્વભાવિક) આદત તથા ટેવને "ખુલ્ક઼" કહેવામાં આવે છે. (મુફર્રદાતે ઈમામ રાગિબ અસ્ફહાની, વફાત : હિ. ૫૦૨) આ આદતો સારી પણ હોય અને બુરી પણ હોય છે, એના લેહાઝથી અખ્લાકે હસના (સુસંસ્કાર) તથા અખ્લાકે કબીહા (કુસંસ્કાર) કહેવામાં આવે છે. જો કે ઉર્દૂના અમુક મુહાવરામાં "અખ્લાક" બોલીને "અખ્લાકે હસ્ના" મુરાદ લેવામાં આવે છે.

દરેક કૌમ અથવા મઝહબ અથવા કાનૂનમાં અમુક ખાસ ગુણો હોય છે જેની પાબંદી માણસના માટે પ્રશંસાને પાત્ર હોય છે. અને એ જ પ્રમાણે કેટલાક અન્ય દુર્ગુણો હોય છે જેનાથી બચવું જરૂરી હોય છે. કોઈ વ્યક્તિ, કુટુંબ, સમાજ તથા જાતિના માટે એમના નિશ્ચિત



સદ્‌ગુણોને અપનાવવા અથવા દુર્ગુણોથી બચવાની પાબંદીને "નિઝામે અખ્લાક" (સંસ્કાર બંધારણ) કહે છે.

અને "ઈસ્લામી નિઝામે અખ્લાક" તે છે જે ખાલિકે કાઈનાત તથા તેના રસૂલે અકરમ ﷺ એ બયાન કરીને દુનિયાને તેને અનુસરવાની હિદાયત કરી છે. અને એને અપનાવવા પર આખેરતમાં ઈનામની બશારત આપી છે અને તેની વિરુદ્ધ વર્તન પર સજાની ચેતવણી સંભળાવી છે.

એટલા માટે ઈસ્લામી નિઝામે અખ્લાક (ઈસ્લામી સંસ્કાર બંધારણ)નો સંબંધ ખુદા તથા રસૂલ અને આખેરત પર ઈમાનથી મજબૂત થાય છે. અને મો'મિન સદ્‌ગુણો (સારા અખ્લાક)ને અપનાવે છે તો કેવળ એટલા માટે નહીં કે એના દુનિયાવી લાભ કે લોકોમાં વાહ વાહ થઈ જાય બલ્કે એટલા માટે કે તે ખુદા વ રસૂલની નજીક પસંદીદા અને તેમની ખુશ્નૂદીનો ઝરીયો છે, એટલા માટે તે જાહેર તથા એકાંત દરેક સ્થિતિમાં નેક અખ્લાકની પાબંદીને જરૂરી જાણે છે, ભલે અમુક સંજોગોમાં તેણે દુનિયાવી નુકસાન વેઠવું પડે.

ઘણા અખ્લાક (આદતો, સંસ્કાર) એવા છે જે પાછલી કૌમમાં સારા ગણાતા રહ્યા અને ઈસ્લામે પણ એને યથાવત રાખ્યા, દા.ત. અમાનત, સખાવત, ચારિત્ર્ય, ન્યાય વગેરે. અને અમુક તે છે જે કોઈ કૌમમાં ઉમદા ગણાતા પણ ઈસ્લામે તેને બુરા ઠરાવી દીધા. દા.ત. અરબ જાહિલિયતના જમાનામાં (એટલે કે ઈસ્લામ પહેલાં) કહ્યા કરતા انصر أخاك ظالما كان او مظلوما "આપણા ભાઈની તરફદારી કરો, ચાહે તે જાલિમ હોય કે મઝલૂમ (ઝુલ્મ પામેલ). "એનો અર્થ એ છે કે ઈન્સાનમાં ખાનદાન કે કબીલાની તરફદારીનો જઝબો ભરપૂર હોવો જોઈએ, ચાહે અદલો ઈન્સાફનું ખૂન પણ કેમ ન થાય. પરંતુ ઈસ્લામે આ ખયાલને એકદમ બદલી નાખ્યો અને

જુલ્મ તથા નાઈન્સાફીની તરફદારીને કોઈ સંજોગોમાં જાઈઝ ન રાખી, એટલે સુધી કે એક પ્રસંગે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

انصر أخاك ظالما كان او مظلوما "તમારા ભાઈની મદદ કરો, ચાહે તે જાલિમ હોય કે મઝલૂમ (જુલ્મ પામેલ)." તો સહાબાએ કિરામ પોકારી ઉઠયા, યા રસૂલલ્લાહ ! અમારો ભાઈ જો જાલિમ છે તો અમે તેની મદદ કઈ રીતે કરી શકીએ છીએ ? સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "એની મદદ એ છે કે જુલ્મથી એનો હાથ રોકી દો." *(બુખારી, મુસ્લિમ)*

આજે પણ ખાનદાન, કૌમ અથવા દેશના માટે તરફદારીની ભાવનાને ઉશ્કેરીને તેનાથી ઘણા નાજાઈઝ ફાયદાઓ ઉઠાવવામાં આવે છે, અને તેને સારો સમજવામાં આવે છે, એટલા માટે કે તે કૌમોનો મૂળ ધર્મ "લાભ પામવું" છે ચાહે તે કોઈ પણ રીતે મળે. અને ચાહે તે કાર્ય સદ્‌બુદ્ધિ તથા ધર્મની રૂએ ગમે તેટલું બુરુ હોય પણ તેમની નજીક સારું છે.

આ પ્રસ્તાવના પછી તે અખ્લાક તથા આદાબની વિગત તથા સ્પષ્ટતા હોવી જોઈએ જે ખુદા વ રસૂલનો હેતુ છે અથવા જેનાથી બચવું જરૂરી છે. પરંતુ આ વિગત માટે ખૂદ એક પૂરી કિતાબ જરૂરી છે એટલા માટે અહીં કેવળ અમુક "અખ્લાકે હસના" (સુસંસ્કાર) તથા બુરા અખ્લાક (કુસંસ્કાર)ની યાદી આપ્યા બાદ એ મૂળ વિષયની ચર્ચા પ્રતિ આગળ વધીએ.

## અખ્લાકે હસના (સુસંસ્કાર)

(૧) ઈમાન (૨) ઈખ્લાસ (૩) તદબ્બુર (૪) તફક્કુર (૫) તામ્મુલ (૬) ઈતાઅત (૭) ઈસ્તિકામત (૮) ખૌફે ખુદા (૯) રિઝા (૧૦) નમાઝ (૧૧) રોઝા (૧૨) હજ્જ (૧૩) ઝકાત (૧૪) પાકીઝગી (૧૫)



ઈફફત (૧૬) હુસ્ને સુલૂક (૧૭) ઈન્ફાક ફિલ્ ખૈર (૧૮) ઝિક્ર (૧૯) દુઆ (૨૦) ઈસ્તેઆનત (૨૧) દા'વતે ખૈર (૨૨) ઈર્શાદે હક્ક (૨૩) મવઝેઅત (૨૪) બશારત (૨૫) ઈન્ઝાર (૨૬) શુક્ર (૨૭) તવાઝોઅ (૨૮) સબ્ર (૨૯) ઈહતિસાબ (૩૦) યકીન (૩૧) તવક્કુલ (૩૨) કુવ્વતે ઈરાદા (૩૩) હિંમત (૩૪) અઝમ (૩૫) ષબાત (૩૬) તૌબા (૩૭) ઈસ્તિઆઝા (૩૮) ઈસ્તિગફાર (૩૯) ઈસ્તેખારા (૪૦) ફરાસત (૪૧) ઝીર્કી (૪૨) એતાબ (૪૩) ઈન્સાફ (૪૪) એહતિયાત (૪૫) અમાનત (૪૬) રાસ્તબાઝી (૪૭) ઈબ્રતપઝીરી (૪૮) કબૂલે નસીહત (૪૯) હયા (૫૦) બેદાર મગ્ઝી વગેરે વગેરે.

## બુરા અખ્લાક (કુસંસ્કાર)

(૧) ઈલ્હાદ (અધર્મતા) (૨) બદ્દીની (૩) નાફર્માની (૪) ગુમરાહગરી (૫) સહર (જાદૂ) (૬) સરકશી (૭) સખ્તદિલી (૮) ફરેબે નફ્સ (૯) તકબ્બુર (૧૦) બુખ્લ (કંજૂસી) (૧૧) બુઝદિલી (૧૨) ઈસ્રાફ (૧૩) ઝિના (૧૪) ફુહશગોઈ–(બિભત્સવાણી (૧૫) તકાષુર (૧૬) ગફલત (૧૭) તમઅ (૧૮) ગઝબ (ગુસ્સો) (૧૯) કત્લે નાહક્ક (૨૦) ઝુલ્મો ઝિયાદતી (૨૧) બદ્કારી (૨૨) રિશ્વત (૨૩) ખયાનત (૨૪) નિફાક (૨૫) એહસાન નાશનાસી (૨૬) ચોરી (૨૭) માબાપની નાફર્માની (૨૮) જૂઠ (૨૯) ગીબત (૩૦) બોહતાન (આક્ષેપ) (૩૧) ચુગલખોરી (૩૨) હરામખોરી (૩૩) વ્યાજ (૩૪) દુર્વ્યવહાર (૩૫) રિયાકારી (૩૬) બદ્સુલૂકી (૩૭) કીનાપરવરી (૩૮) ઈર્ષા (૩૯) વચનભંગ (૪૦) ગુનાખોરીમાં સહાય વગેરે વગેરે.

આ યાદીમાં સર્વના સમાવેશનો હેતુ નથી, અમુકની ગણત્રી પૂરતી છે. વિસ્તારપૂર્વક વિગત "અહયાઉલ ઉલૂમ" અઝ : ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ (હિ. સ. ૫૦૫–૧૦૫૦) અને હદીકતુન્નદિય્યહ્

શરહિત્તરીકતિલ મુહમ્મદિયહ્, અઝ : અલ્લામા અબ્દુલગની નાબેલ્સી (હિ.સ. ૧૦૫૦–૧૧૪૩)માં જોઈ શકાય છે.

સહાબાએ કિરામની જમાઅત તે મહાન મર્તબાવાળી જમાઅત હતી જેની કેળવણી (તર્બિયત) રસૂલે અકરમ ﷺએ કરી હતી એટલા માટે આ પવિત્ર નફ્સો (નુફુસે કુદસિયહ) ઉચ્ચ અખ્લાકનો નમૂનો હતા એમાં એ હઝરાતનો હિસ્સો અધિક હતો જેમને સોહબત તથા તર્બિયતનો ફયૂઝ સરકાર ﷺથી પુષ્કળ મળ્યો હતો. અને એઓમાં પણ ખુલફાએ રાશિદીનનો દરજ્જો સૌથી વિશેષ તથા ઉચ્ચ તથા અરફા વ આ'લા હતો. એટલા માટે જ્યારે એ હઝરાતે ખિલાફતની લગામ સંભાળી છે તો પૂરી ઉમ્મતમાં તે જ રૂહ જારી તથા વહેતી રાખવાની કોશિશ કરી જે રિસાલતકાળથી તેમને પ્રાપ્ત થઈ હતી. એ હઝરાતે ખૌફે ખુદા, અમાનત તથા પ્રમાણિક્તા, વચનપાલન, ઝિમ્મેદારીનો એહસાસ, ઈન્સાની હમદર્દી, ઝોહદો કનાઅત (થોડામાં રાજી), ત્યાગભાવના તથા નમ્રતા અને અદલો ઈન્સાફ વગેરે ઉચ્ચ અખ્લાકનો એ રેકોર્ડ સ્થાપ્યો છે જેનું દૃષ્ટાંત દુનિયાની કોઈ કૌમમાં નથી મળી શક્તું. એના અમુક નમૂનાઓ નીચે પ્રમાણે જોઈ લો :–

## ઝોહદો કનાઅત (થોડામાં રાજી રહેવું)

સરદારી તથા સત્તા મળ્યા પછી એવું બને છે કે માણસ ઘણા જ એશો આરામવાળી જિંદગી અપનાવી લે છે, ખાવા પીવા, લિબાસ તથા વસ્ત્રો, વાસણો તથા સામાન, મકાન તથા જાયદાદ, નોકર ચાકર સૌમાં રાજા જેવો ઠાઠમાઠ આવી જાય છે, અને સઘળો ખર્ચ રાષ્ટ્રિય મિલ્કતમાંથી ચૂકવવામાં આવે છે. કેવળ પ્રધાનો તથા ઓફિસરોની જાત પર થનારા ખર્ચનો ટોટલ લગાડવામાં આવે તો દેશભરની પ્રજા



અથવા મોટા ભાગની પ્રજાના સંયુક્ત ખર્ચના બરાબર પહોંચી જાય. પણ એના અનુસંધાનમાં ખુલ્ફાએ રાશિદીનની કાર્ય પદ્ધતિ આખા જગતના માલદારો અને સર્વ હુકૂમતોના સુલ્તાનો તથા હાકિમોની કાર્યપદ્ધતિથી તદ્દન ભિન્ન છે. એ હઝરાતમાંથી જેની પાસે શક્તિ થઈ તેણે બયતુલ માલમાંથી એક પૈસો પણ પોતાની જાત પર ખર્ચ ન કર્યો અને જે હઝરાત લેવા માટે મજબૂર બન્યા તેમણે એટલું જ લીધું જેના થકી એક સામાન્ય નાગરીકનું ભરણપોષણ થઈ શકે. નીચેના લખાણમાં એના અનુસંધાનમાં બોધદાયક પ્રસંગો વાંચવા લાયક છે :

**(૧)** હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه કપડાંનો વેપાર કર્યા કરતા હતા જેના થકી પોતાનાં બીવી બચ્ચાનું ભરણ પોષણ કરતા હતા. ઈબ્ને અષીરનું બયાન છે કે ખિલાફતનો બોજ માથા પર આવ્યા બાદ પણ છ મહિના સુધી પોતાના વેપારની આવક થકી જ ઘર ખર્ચની વ્યવસ્થા કરતા રહ્યા. અતા ઈબ્ને સાઈબથી એ રિવાયત કરી છે કે ખિલાફતની સવારે હાથોમાં કપડાં લઈને હઝરત અબૂબક્ર બજારની તરફ ચાલ્યા તો માર્ગમાં હઝરત ઉમર મળ્યા અને અર્ઝ કરી, હવે તમારા પર ખિલાફતની જિમ્મેદારી આવી ચૂકી છે જેથી વેપારની વ્યસ્તતાની સાથે ખિલાફતનું કાર્ય કેવી રીતે અંજામ આપશો ? હઝરત અબૂબક્રે ફર્માવ્યું, તો પછી મારાં બીવી બચ્ચાંના ભરણપોષણનો શો ઝરીયો થશે ? હઝરત ઉમરે કહ્યું, એની વ્યવસ્થા હુકૂમતની તરફથી થશે. ચાલો ! અબૂ ઓબૈદા ઈબ્ને જર્રાહ આપના માટે વઝીફો નિશ્ચિત કરશે. હઝરત અબૂ ઓબૈદાએ મુહાજિરોમાંથી એક મધ્યમ વર્ગના માણસના જેટલો ખોરાક અને લિબાસ નિશ્ચિત કર્યો. *(તબકાતે ઈબ્ને સઅદ, તારીખુલ ખુલફા, ઈમામ જલાલુદ્દીન સિયૂતી, પેજ–૭૮)*

**(૨)** આ જ ઈસ્લામી હુકૂમતના સૌથી મહાન સત્તાધીશના જીવન નિર્વાહનો સામાન હતો જેના પર તે જીવનપર્યંત કાયમ રહ્યા. અંતિમ

સમયે તેમની પાસે એક ઊંટણી રહી ગઈ હતી જેનું દૂધ પીતા હતા. એક થાળી જેમાં ખાવા ખાતા અને એક જૂની ચાદર જેને ઓઢવાના કામમાં લેતા. એ ચીજોના વિશે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને ફર્માવ્યું, જુઓ ! એ ચીજોથી ફાયદો ઉઠાવવાનો આપણને તે સમય સુધી હક્ક હતો જ્યાં સુધી આપણે મુસલમાનોનું કામ અંજામ આપ્યા કરતા હતા. મારા મૃત્યુ બાદ આ સર્વ ઉમરની પાસે મોકલી દેજો. વિસાલ બાદ હઝરત સિદ્દીકા رضی اللہ عنہا એ મોકલી દીધું તો હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, "અબૂબક્ર ! તમારા પર અલ્લાહની રહમત થાય ! તમે તમારા પછી આવનારાને તકલીફમાં નાખી દીધો !" *(મુસ્નદે તિબ્રાની, તારીખુલ ખુલફા, પેજ–૭૮)*

**(૩)** એકવાર હઝરત સિદ્દીકે અકબરની બીવી સાહેબાએ કોઈ મીઠી ચીજની ફર્માઈશ કરી. સિદ્દીકે અકબરે ફર્માવ્યું, આપણી પાસે એને ખરીદવાના માટે પૈસા નથી. આપનાં પત્ની સાહેબાએ કહ્યું, હું થોડાક દિવસોમાં ખર્ચમાંથી બચાવીને એટલું ભેગું કરી લઈશ જેનાથી એની વ્યવસ્થા થઈ જાય. ફર્માવ્યું, એવું કરી શક્તી હોઉ તો કરો ! ઘણા દિવસો બાદ તેણી થોડાક પૈસા જમા કરી શક્યાં અને હઝરત સિદ્દીકે અકબરને જણાવ્યું કે હવે વ્યવસ્થા થઈ જશે ! હઝરત સિદ્દીકે અકબરે તે રકમ તેમનાથી લઈને બયતુલ માલમાં જમા કરી દીધી. અને ભાવિ માટેનો ખર્ચ એટલો ઓછો કરાવ્યો તેમ જ પાછલા લીધેલા ખર્ચમાંથી એના પ્રમાણેનો તાવાન (પેનલ્ટી) બયતુલ માલમાં જમા કર્યો. અને ફર્માવ્યું, આટલું અમે અમારા ખર્ચ કરતાં અધિક લેતા હતા ! *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૬૬)*

આ સાવધાની તથા વરઅ (તકવાથી ઉપરનો દરજ્જો) તથા તકવાનું દૃષ્ટાંત કોઈ અન્ય કૌમના સત્તાધારીમાં ક્યાંથી મળશે જ્યારે કે ખુલફાએ રાશિદીન પછી કોઈ મુસલમાન હાકિમના ઈતિહાસમાં



પણ નથી મળી શક્તું.

**(૪)** એટલું જ નહીં, મૃત્યુ શૈયા પર આપે એ પણ વસિયત કરી કે મારી ફલાણી જમીન વેચી દેવામાં આવે અને અત્યાર સુધી કૌમી મિલ્કતમાંથી જેટલું હું લઈ ચૂક્યો છું તેને તે જમીનની કિંમત વડે ચૂકવી દેવામાં આવે. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૬૬)*

**(૫)** હઝરત ઉમર رضی اللہ عنہ નો ખિલાફતકાળ આવ્યો તો તેમણે મુસલમાનોને ફર્માવ્યું, હું એક વેપારી માણસ હતો. મારા વેપારથી મારાં બીવી બચ્ચાંને આર્થિક રીતે રાહત હતી. હવે તમે લોકોએ મને ખિલાફતના કામમાં લગાડી આપ્યો તો એ બતાવો કે મુસલમાનોના માલમાંથી કેટલા પ્રમાણમાં લેવાની મને ઈજાઝત છે ? હઝરત અલી પણ મૌજૂદ હતા તેમણે કોઈ જવાબ ન આપ્યો. મોટા ભાગના લોકોએ કહ્યું, અલી તમે શું કહો છો ? તેમણે ફર્માવ્યું, ઉમર ! તમને એટલું જ લેવાનો હક્ક છે જેનાથી દસ્તૂર પ્રમાણે આપનું તથા આપનાં બીવી બાળકોનું ભરણ પોષણ થઈ શકે, એનાથી વધારેની ઈજાઝત નથી. અન્ય લોકોએ એને સમર્થન આપ્યું.

હઝરત ઉમર કેવળ ખર્ચ પૂરતુ લેતા હતા. બાદમાં જરૂરત વધી ગઈ અને ખૂબ જ તકલીફમાં મૂકાઈ ગયા, એ જોઈને હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત તલ્હા, હઝરત ઝુબૈર વગેરે આગળ પડતા સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની રાય થઈ કે હવે ઉમરના વઝીફામાં વધારો કરી આપવો જોઈએ. હઝરત ઉષ્માને ફર્માવ્યું, આ બારામાં કોઈ રીતે ખૂદ હઝરત ઉમરનું મંતવ્ય જાણી લેવું જોઈએ. તે હઝરાતે ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા બિન્તે ફારૂક رضی اللہ عنہا ને વાસ્તો બનાવ્યો એ રીતે કે હઝરત ઉમરને એ ખબર ન પડે કે કેટલાક સહાબા તેમનું મંતવ્ય જાણવા ચાહે છે. ઉમ્મુલ મો'મિનીને આવીને ફર્માવ્યું કે આ કઠીન સંજોગોમાં તમારા વઝીફામાં કાંઈક વધારો કરી

લેવો જોઈએ ! એના પર હઝરત ઉમર ગુસ્સામાં આવી ગયા અને ફર્માવ્યું, બતાવો ! તમારાં ઘરમાં રસૂલુલ્લાહ ﷺનો સૌથી ઉમદા લિબાસ શું હતો ? તેમણે કહ્યું, ગેરૂ રંગનાં બે કપડાં જેને જુમ્આ તથા બંને ઈદોમાં અને પ્રતિનિધિમંડળો સામે પહેરીને તશરીફ લાવતા. ફર્માવ્યું, સૌથી ઉમદા ક્યો ખોરાક હતો જે તમારે ત્યાં સરકાર ﷺએ ખાધો હોય ? કહ્યું, જવનો ગરમ રોટલો ! જેના પર હું મધ નાખીને તેને ચીકણો તથા મીઠો બનાવી દેતી હતી. ફર્માવ્યું, તમારા ત્યાં સૌથી ઉમદા તથા નરમા નરમ પાથરણુ ક્યું હતું ? ઉનની જાડી ચાદર જેને ગરમીમાં ચાર ગડી કરી દેવામાં આવતી અને ઠંડીમાં આખી ફેલાવીને અડધી પાથરવામાં આવતી અને અડધી ઓઢી લેવામાં આવતી. ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ કુદરત હોવા છતાં વધારાને ત્યજી દીધું અને થોડામાં દિવસો ગુજાર્યા તો હું પણ એ જ પ્રમાણેના અમલની પયરવી કરીશ. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૩૩)*

હઝરત અકરમા ઈબ્ને ખાલિદનું બયાન છે કે હઝરત હફ્સા અને અબ્દુલ્લાહ વગેરેએ હઝરત ઉમરને કહ્યું, જો તમે ઉમદા ખોરાક ખાતા તો એ હક્કની અદાયગીના માર્ગમાં આપના માટે અધિક શક્તિનો સબબ થાત. ફર્માવ્યું, શું તમારા સૌની આ જ રાય છે ?! તેમણે કહ્યું કે, હા ! ફર્માવ્યું, તમારી ખૈર ખ્વાહીનો મને સ્વીકાર છે, પરંતુ મારાથી અગાઉ બંને હઝરાત જે માર્ગે ચાલતા રહ્યા છે જો મેં તે માર્ગ છોડી આપ્યો તો તેમની મંઝિલ સુધી મારી પહોંચ થઈ શકશે નહીં. *(તારીખે ઈસ્લામ વ વફયાતુલ મુશાહીર વલ અઅલામ, અઝ : શમ્સુદ્દીન મુહમ્મદ ઈબ્ને અહમદ ઝહબી, ૨/૨૬૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૦૩, તારીખે ખુલફા લિસ્સુયૂતી–૧૨૮)*

**(૬)** હઝરત ઉમરે એક છોકરીને જોઈ કે અપંગતાને કારણે તેના કદમ સીધા નથી પડતા. ફર્માવ્યું, કોણ છે ? હઝરત અબ્દુલ્લાહે અર્ઝ



કરી, આપની પુત્રી છે. ફર્માવ્યું, આ મારી કઈ પુત્રી છે ? અર્ઝ કરી, મારી પુત્રી છે ! ફર્માવ્યું, એને આટલી લાચારી કેમ આવી ? અર્ઝ કરી, આપના ખિલાફતકાળે તેની આ દશા કરી દીધી છે ! ખર્ચ આપ આપતા નથી ! ફર્માવ્યું, અબ્દુલ્લાહ ! ખુદાની કસમ ! હું તમારી ઔલાદની કિફાયત નથી કરી શક્તો ! તમે જાતે જ તેની વ્યવસ્થા કરો ! *(તારીખે ઝહબી, ૨/૨૭૧, મનાકિબે ઉમર, ઈબ્ને જવઝી–૧૦૫, તબકાતે ઈબ્ને સઅદ, ૩/૨૭૭)*

**(૭)** હઝરત ઉમરની સાસરી પક્ષના એક ભાઈ આવ્યા અને ઈચ્છા કરી કે બયતુલ માલથી કાંઈક આપી દેવામાં આવે. **હઝરત ઉમરે તેમને ખખડાવ્યા અને ફર્માવ્યું, તમે એવું ચાહો છો કે હું ખયાનત (અપ્રમાણિક્તા) કરનાર બાદશાહના રૂપમાં ખુદાને ત્યાં પહોંચી જાઉં !** પછી પોતાના અંગત માલમાંથી તેમને દસ હજાર દિરહમ અતા કર્યા. *(તારીખે ઝહબી, ૨/૨૭૧, તબકાતે ઈબ્ને સઅદ, ૩/૩૦૩,૩૦૪, તારીખે ખુલ્ફા લિસ્સુયૂતિ–૧૩૦)*

**(૮)** હઝરત ઉમર رضی اللہ عنہ પોતાના ખિલાફતકાળમાં ઉનનો જબ્બો પહેરતા જેમાં થિંગડાં લાગેલાં રહેતાં, અમુક થિંગડાં ચામડાનાં પણ હોતાં. એ જ હાલતમાં કોરડો લઈને બજારોમાં ગશ્ત કરતા. લોકોને ગલતીઓ પર સજા આપતા. રસ્તામાં તૂટેલા દોરા અને ઠળીયા જોતા તો વીણી લેતા અને લોકોના ઘરોમાં રાખી દેતા જેથી લોકો તેનાથી ફાયદો ઉઠાવી શકે.

**(૯)** અબ્દુલ્લાહ ઈબ્ને આમિર વર્ણન કરે છે કે હું એક હજ્જમાં હઝરત ઉમરની સાથે હતો. ક્યાંય પણ તેમણે ઉતારો કર્યો તો કોઈ શામિયાના કે તંબૂ ન લગાડયો, ઉનની ચાદર અથવા ચામડાનું દસ્તરખાન કોઈ ઝાડ પર લગાડી દેતા અને તેના સાયામાં આરામ કરી લેતા.

**(૧૦)** કોઈ શખ્સને ગવર્નર બનાવીને મોકલતા તો તેની સાથે એ શરત કરતા કે તુર્કી ઘોડા પર સવારી ન કરશો, ઉમદા ખોરાક ન ખાશો, નરમ લિબાસ ન પહેરશો, હાજતમંદોના માટે દરવાજો બંધ ન રાખશો, જો એવું કર્યું તો સજાના હક્કદાર ઠરશો. *(તારીખે ખુલફા–૧૨૮)*

ખુલફાએ રાશિદીનની જિંદગીમાં આ પ્રકારનાં દૃષ્ટાંતો અસંખ્ય છે, સૌને એકત્ર કરવામાં આવે તો એક મોટી કિતાબ તૈયાર થઈ જાય. જ્યારે આજે મામૂલી તથા મધ્યમ કક્ષાનો માણસ પણ દરેક પ્રકારના એશઆરામની શોધમાં કોશિશમાં લાગેલો છે. આ પ્રસંગો પરથી લાભ ઉઠાવનાર કોણ છે ?

## તવાઝોઅ : આજિઝી–નમ્રતા

કોઈ મામૂલી હોદ્દો કે સ્થાન મળ્યા બાદ પોતાને પૂર્વવત રવિશ પર યથાવત રાખવું અને સામાન્ય લોકો જેમ જીવન જીવવું ઘણુ જ મુશ્કેલ હોય છે. ગવર્નર કે સુલ્તાન અથવા ખલીફાનો હોદ્દો તો ખૂબ જ ઊંચો છે, આટલે સુધી પહોંચ્યા બાદ સામાન્ય મળતા જુલતા તો દૂર રહ્યાં ખાસ સગાંઓ કુટુંબીજનો અને ખાસમાં ખાસ દોસ્તોનો લેહાજ પણ જ્વલ્લેજ જોવા મળે છે. કોઈની સામે જિમ્મેદારીઓ તથા વ્યસ્તતા (કામો)નો ઢગલો આડો થાય છે તો કોઈના દિમાગમાં એની સાથે લીડરશીપના ઘમંડનો નશો પણ સમાયેલો હોય છે. પરંતુ કુર્બાન જાવ ખુલફાએ રાશિદીનની સીરત (જીવન શૈલી) પર કે આટલી મહાન તથા વિશાળ સલ્તનતના સત્તાધારી હોવા છતાં એવી જીવન પદ્ધતિ અપનાવી કે અજાણ્યો માણસ ફર્ક કરી શક્તો ન હતો કે કોણ ખલીફા છે અને કોણ સામાન્ય માનવ ! કૈસર તથા કિસ્રાના એલચી આવતા અને તેમની મામૂલી ખાકસારી ભર્યી જિંદગી જોઈને દંગ રહી જતા.



**(૧)** ખિલાફત પહેલાં હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ નો નિયમ હતો કે કમજોરો તથા નાદારોનું કામ કરી આપ્યા કરતા, મહોલ્લાની છોકરીઓ પોતાની બકરીઓ લઈને આવતી તો તેનું દૂધ દોહી આપતા. જ્યારે ખલીફા બન્યા તો એક છોકરીએ કહ્યું, હવે આપણી બકરીઓનું દૂધ દોહશે નહીં ! હઝરત અબૂબક્રએ સાંભર્ળ્યું તો ફર્માવ્યું, કેમ નહીં ! કસમથી મારો હજી પણ એ જ નિયમ રહેશે, મને ઉમ્મીદ છે કે ખિલાફત મારી પાછલી સેવાઓના ક્રમમાં ફરક નહીં લાવી શકે. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૬૬)*

**(૨)** હઝરત ઉમર رضی اللہ عنہ મદીનાની નજીક રહેનારી એક અંધ વૃદ્ધાની દેખભાળ માટે જતા રહેતા હતા. તેણી માટે પાણી ભરી લાવતા, અને અન્ય કામો કરી આપતા. અમુક દિવસો પછી જોયું કે કોઈ બીજો માણસ તેમનાથી પહેલાં આવીને સર્વ કામો કરી જાય છે. ખૂબ જ કોશિશ કરી કે ખૂદ પહેલાં પહોંચે પણ ન થઈ શક્યું. એકવાર રાહ જોઈને તાકમાં બેસી રહ્યા કે જોઈએ કોણ આવે છે ? જોયું કે હઝરત અબૂબક્ર છે જે એમનાથી પહેલા આવી જાય છે એ વખતે હઝરત અબૂબક્ર ખલીફા થઈ ચૂક્યા હતા. *(ઈબ્ને અસાકિર, તારીખે ખુલફા, પેજ–૮૦)*

**(૩)** એકવાર બયતુલ માલનું એક ઊંટ ભાગી નીકળ્યું. હઝરત ઉમર તેની તલાશમાં નીકળ્યા. બરાબર એ જ વખતે એક રઈસ અહનફ ઈબ્ને કૈસ આપને મળવા માટે આવ્યા. જોયું કે હઝરત ઉમર દામન ચઢાવીને આમ તેમ દોડી રહ્યા છે. અહનફને જોઈને ફર્માવ્યું, આવો ! તમે પણ મારો સાથ આપો ! બયતુલ માલનું એક ઊંટ નાસી છૂટયું છે. એક ઊંટમાં જાણો છો કેટલા ગરીબોનો હક્ક હશે ? કોઈએ કહ્યું, અમીરુલ મો'મિનીન ! ખૂદ શા માટે જેહમત ઉઠાવો છો ? કોઈ ગુલામને ફર્માવો, તે ખૂદ શોધી લાવશે ! ફર્માવ્યું, મારાથી વધીને કોણ ગુલામ હશે ?!

**(૪)** હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ખજૂરોનો બોજ પોતાની ચાદરમાં લઈને બજારોથી આવી રહ્યા હતા. લોકોએ જોયું તો અર્ઝ કરી, અમીરુલ મો'મિનીન ! આ બોજ અમે પહોંચાડી આપીએ છીએ. ફર્માવ્યું, બાળ બચ્ચાંવાળાને પોતાનો બોજ ઉઠાવવાનો અધિક હક્ક છે. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૭૫૦)*

## પ્રજાની દેખરેખ તથા સેવા

સત્તાધારીઓ પોતાના શાનદાર બંગલાઓમાં એશો આરામથી જીવતા હોય છે અને પ્રજાજનો કોઈ મુસીબતમાં સપડાયેલા છે તેની તેમને ખબર પણ નથી હોતી. ગવર્નમેન્ટના કર્તા હર્તાઓ સામાન્યતઃ તેમને એ જ ખબર આપતા હોય છે કે સર્વ ઠેકાણે સુખશાંતિ છે. એ રાજકર્તાઓ ખૂદ પબ્લિકને મળે, નાદારો અને પરેશાનયુક્ત લોકોની ખબર કાઢે, તેમની ખબર પૂછે તો તેમને કૌમની જરૂરતો અને પબ્લિકની સમસ્યાઓનો અંદાજો થાય. જો કોઈને સાચી સ્થિતિની ખબર પણ છે તો તેને પોતાના આરામથી ફુરસદ નથી. ફિકર છે તો એ કે **મારું બેંક બેલેન્સ અને મારી મિલ્કત તથા સંપત્તિ વધુને વધુ કઈ રીતે થાય ! હું લાંચ ખાવામાં તથા સંગ્રહખોરીમાં અન્યોથી આગળ કઈ રીતે નીકળી જઉં ! સત્તધારીઓની આ વૃત્તિઓએ સારા સારા દેશોની કમર તોડી નાખી છે.** રાષ્ટ્રિય સંપત્તિ તથા કૌમ બંનેની બર્બાદીમાં દરેક સવાર તથા સાંજે વધારો થઈ રહ્યો છે અને આ એક એવી બલાની રેલ છે જે થોભવાનું નામ નથી લેતી.

પણ ખુલફાએ રાશિદીન સામાન્ય પ્રજાજનોમાં ઉઠતા બેસતા, તેમનાં દુઃખ દર્દ સાંભળતા, અને તેનું નિવારણ કરતા. ઐશ, મોજમજા અને સંગ્રહખોરીની તેમને ત્યાં કલ્પના પણ ન હતી. એક મહાન



સલ્તનતની લગામ હાથમાં રાખવા છતાં કમજોરોની ખિદમત, બીમારોની ખબર લેવી, પરેશાન લોકોની ખબર કાઢવી અને દુઃખમાં સહભાગી થવું એ તેમનો નિયમ હતો.

**(૧)** એકવાર મદીનાના બજારની નજીક કોઈ કાફલો રાતના સમયે આવ્યો. હઝરત ફારૂકે આ'ઝમનો ખિલાફતકાળ હતો. ફારૂકે આ'ઝમને ફિકર પેઠી કે ક્યાંક આ કાફલા પર ચોરો હાથ ન મારી જાય ! હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہના ઘરે આવ્યા. તે રાતના એકાંતમાં નમાઝમાં મશગૂલ હતા. નમાઝ પૂરી કરીને પૂછયું, ઉમર ! અત્યારે શા માટે આવ્યા ? ફારૂકે આ'ઝમે સબબ જણાવ્યો અને ફર્માવ્યું, આવો ! આજની રાત તે કાફલાની પાસબાનીમાં પસાર કરીએ. બંને હઝરાત તશરીફ લાવ્યા અને કાફલાથી થોડે દૂર એક ટેકરી પર બેસી વાતોમાં રાત પસાર કરી દીધી. *(અલ્ કામિલ, ઈબ્ને અષીર, ૨/૪૩૩, તારીખે તિબ્રી, ૪/૨૦૫)*

**(૨)** પોતાના ખિલાફતકાળ દરમ્યાન રાતોમાં ગશ્ત કરવું અને પ્રજાની નિગરાની કરવી હઝરત ફારૂકનો નિયમ હતો. તેમના ગુલામ અસ્લમનું બયાન છે કે એક રાત્રે હઝરત ઉમર હર્રા વાકિમની તરફ નીકળ્યા, સાથમાં હું પણ હતો. જ્યારે અમે "સિરાર"માં પહોંચ્યા તો એક જગાએ આગ સળગતી જોવા મળી. ફારૂકે આ'ઝમે ફર્માવ્યું, ચાલો ! જોઈએ કોણ લોકો ત્યાં છે ? નજીક પહોંચ્યા તો જોયું કે એક સ્ત્રી છે જેની સાથે કેટલાંક બાળકો છે. આગ પર તપેલુ ચઢાવેલું છે અને બાળકો ભૂખે રડી રહ્યાં છે. હઝરત ઉમરે ફર્માવ્યું, **السلام عليكم يا أهلَ الضَّوء** (યા અહલિન્નાર કહેવું યોગ્ય ન જાણ્યું) સ્ત્રીએ સલામનો જવાબ આપ્યો. પૂછયું, આ તપેલુ શા માટે રાખ્યું છે ? અને બાળકો શા માટે રડી રહ્યાં છે ? જવાબ આપ્યો, એઓ ભૂખથી રડી રહ્યાં છે અને તપેલુ મેં તેમને બેહલાવવા માટે રાખ્યું છે

જેથી સમજે કે કાંઈ રંધાઈ રહ્યું છે અને રડતાં રડતાં સૂઈ જાય. ખુદા અમારી અને ઉમરની વચ્ચે ફેંસલો કરે ! હઝરત ઉમરે ફર્માવ્યું, અલ્લાહ તમારા પર રહમ કરે ! ઉમરને તમારી શું ખબર ? સ્ત્રીએ કહ્યું, તે અમારો વાલી છે તો અમારાથી ગાફિલ તથા બેખબર શા માટે છે ? હઝરત ઉમરે મને ફર્માવ્યું, પાછા ચાલો ! અમે ઝડપભેર પાછા ફર્યા. હઝરત ઉમર ફારૂક અનાજના ગોદામ સુધી પહોંચ્યા અને એક કોથળો લીધો જેમાં આટો, ઘી, ચરબી, ખજૂરો, કપડાં અને દિરહમો રાખ્યા, એટલે સુધી કે કોથળો ભરાઈ ગયો. ફર્માવ્યું, અસ્લમ ! મારી પીઠ પર ચઢાવી દો ! મેં અર્ઝ કરી, આ બોજ લઈ જવાનું કામ તો મારું છે ! પણ તેમણે ઈન્કાર કર્યો. મેં આગ્રહ કર્યો તો ત્રીજી કે ચોથીવાર ફર્માવ્યું, શું કયામતના દિવસે પણ મારા ગુનાહોનો બોજ તમે ઉઠાવશો ? આ સાંભળીને કોથળો મેં તેમની પીઠ પર રાખી દીધો અને અમે ઝડપભેર તે સ્ત્રીની પાસે પાછા આવ્યા. અમીરુલ મો'મિનીને કોથળો તે સ્ત્રીની પાસે રાખી દીધો અને તપેલુ લઈને તેમાં આટો અને થોડીક ચરબી તથા ખજૂરો નાખી દીધી અને પકાવવા લાગ્યા. તપેલા નીચે આગ તેજ કરવા ખૂદ ફૂંકો મારતા. મેં જોયું કે ધૂમાડો તેમની દાઢીની વચ્ચેથી નીકળતો રહેતો હતો અને તે પકાવતા જઈ રહ્યા હતા. ખાવા તૈયાર થઈ ગયું તો સ્ત્રી એક થાળી લાવી જેમાં કાઢી નાખવામાં આવ્યું. ફર્માવ્યું, બાળકોને ખવડાવો ! તે ખાતાં ખાતાં ધરાઈ ગયાં, જે વધ્યું તે સ્ત્રી પાસે છોડીને આવ્યા.

તેમની સાથે હું પણ ઉઠી ગયો. સ્ત્રીએ કહ્યું, ખુદા તમને જઝાએ ખૈર આપે, ખિલાફતના હક્કદાર તમે છો ન કે ઉમર ! ફર્માવ્યું, સારી વાત કહો, જ્યારે તમે અમીરુલ મો'મિનીનની પાસે જશો તો ત્યાં મને જોશો, ઈન્શાઅલ્લાહ ! હવે હઝરત ઉમર ત્યાંથી હટયા અને થોડેક દૂર જઈને બેઠા, ત્યાં સુધી કે જોયું કે બાળકો ખુશ થઈને એકબીજા



સાથે હસતાં રમતાં સૂઈ ગયાં અને તેમને સુકૂન થઈ ગયું, તો અલ્લાહનો શુક્ર અદા કરતા ઉઠયા અને મને ફર્માવ્યું, અસ્લમ ! ભૂખના કારણે એઓ રડી રહ્યાં હતાં અને તેમની ઊંઘ ઉડી ગઈ હતી. મેં ઈચ્છયું કે તેમની ખુશી તથા આરામથી સૂવાની હાલત પણ જોઈ લઉં તો ચાલું. *(અલ કામિલ, ઈબ્ને અષીર, ૨/૪૩૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૯૬)*

**(૩)** હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ સૈયદુત્તાબઈન ફર્માવે છે : હઝરત ઉમર તેમનાં ઘરો પર જતા જેમના મર્દો બહાર કોઈ જંગમાં જઈ ચૂકયા છે અને સ્ત્રીઓ પાસે ખબર મોકલતા કે જો તમારે સાધન સામગ્રી લાવવાની જરૂરત હોય તો બતાવો હું લાવી આપું. નહીં તો તમે લોકો ધોકા તથા નુકસાનમાં પડી શકો છો. તેણીઓ પોતાની લોંડીઓને મોકલતી. હઝરત ઉમર બજાર જતા તો તેમની પાછળ ગુલામો અને લોંડીઓની એક ટોળી જતી જેમનાં ઘરો માટે આપ તે જરૂરી ચીજો ખરીદતા. જેમની પાસે પૈસા ન હોય તેમના માટે પોતાની પાસેથી ખરીદી આપતા. *(હયાતુલ હયવાન, અલ્લામા કમાલુદ્દીન દમીરી, ૧/૪૭)*

**(૪)** હઝરત ઉમર પોતાના ખિલાફતના યુગમાં જ્યારે શામ (સીરિયા) ગયા તો પાછા ફરતાં પ્રજાની ખબર પામવા માટે લોકોથી થોડાક દૂર થઈ ગયા. એ દરમ્યાન એક વૃદ્ધાના તંબૂ પાસેથી પસાર થયા. ફર્માવ્યું, ઉમરની કાંઈ ખબર છે ? તેણીએ કહ્યું, શામથી ખૈરિયત સાથે રવાના થઈ ચૂકયા છે, ખુદા એમને મારા તરફથી જઝાએ ખૈર (ભલો બદલો) ન આપે. ફર્માવ્યું, શું વાત છે ? તેણીએ કહ્યું, જ્યારથી એણે મુસ્લિમોની ખિલાફતની જિમ્મેદારી સંભાળી છે મને તેના ત્યાંથી એક પૈસો નથી મળ્યો. ફર્માવ્યું, તમે આટલા દૂરના ઠેકાણે રહો છો તો ઉમરને તમારી શી રીતે ખબર પડે ? કહ્યું, સુબ્હાનલ્લાહ ! ખુદાની કસમ ! હું એવું નથી સમજતી કે કોઈ શખ્સ લોકો પર રાજ કરે અને

તેને પોતાની સત્તા હેઠળના પૂર્વ તથા પશ્ચિમની ખબર ન હોય ?! આ સાંભળીને ઉમર રડી પડયા અને કહેવા લાગ્યા, ઉમર ! વૃદ્ધા પણ તમારા કરતાં વિશેષ ફકીહ છે ! ફર્માવ્યું, હે ખુદાની બંદી ! ઉમરની તરફથી તમારા પર જે જુલ્મ થયો છે તે કેટલામાં વેચીશ ?! કેમ કે એના પર જહન્નમની તકલીફથી દયા આવે છે. ખુદા તમારા પર રહમ કરે મારી સાથે મઝાક ન કરો ! હઝરત ઉમરે કહ્યું કે હું મઝાક નથી કરતો. અને તેણીને આગ્રહ કરતા રહ્યા, ત્યાં સુધી કે તેણી પાસે પચીસ દીનારના બદલામાં ખરીદી લીધો. એ દરમ્યાન હઝરત અલી અને અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ પણ આવી પહોંચ્યા. અને કહ્યું, ''અસ્સલામુ અલૈકુમ ! હે અમીરુલ મો'મિનીન ! એ સાંભળતાં વૃદ્ધાએ માથા પર હાથ રાખ્યો અને કહ્યું, હાય ! બર્બાદી ! અમીરુલ મો'મિનીનની સામે જ મેં તેમને ભલુબરું કહ્યું ! હઝરત ઉમરે ફર્માવ્યું, ડરો નહીં ! તમારા પર ખુદા રહમ ફર્માવે. પછી લખવા માટે કાગળ માંગ્યો પણ ન મળ્યો તો પોતાની ગોદડી ફાડી એક ટુકડો કાપીને તેના પર લખ્યું :–

''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ..... આ એનો દસ્તાવેઝ છે કે જયારથી ઉમરને ખિલાફત મળી છે તે સમયથી ફલાણા સમય સુધી ફલાણી સ્ત્રીની જુલ્મની ફરિયાદ ઉમરે તેણી પાસેથી પચીસ દીનારમાં ખરીદી લીધી. હવે જો તેણી મેહશરમાં રબ્બુલ આલમીનના સમક્ષ ઉમરની હાજરીના સમયે તેના વિરુદ્ધ દાવો કરે તો ઉમર એનાથી મુક્ત છે. એના પર અલી ઈબ્ને અબૂ તાલિબ તથા ઈબ્ને મસઊદ ગવાહ છે. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)''

પછી એ લખાણ પોતાના પુત્રને આપ્યું અને ફર્માવ્યું કે મારા મુત્યુ બાદ એને મારા કફનમાં રાખી દેજો. *(હયાતુલ હયવાનાત, અઝ : દમીરી, ૧/૪૭, પ્રેસ હિજાઝી કાહિરા, હિ.સ. ૧૩૫૩)*



**(૫)** હઝરત તલ્હા رضی اللہ عنہ એકવાર રાતના અંધકારમાં નીકળ્યા. જોયું કે હઝરત ઉમર એક ઘરમાં પ્રવેશ્યા પછી અમુકવાર પછી બહાર આવ્યા. સવારે હઝરત તલ્હા એ ઘરમાં ગયા તો જોયું કે એક અંધ અપંગ વૃદ્ધા એમાં છે. ફર્માવ્યું, આ માણસ (ઉમર) તમારે ત્યાં શા માટે આવે છે ? તેણીએ કહ્યું, અરે ! એ તો આટલા વરસોથી મારી દેખભાળના માટે આવ્યા કરે છે, મારી જરૂરી ચીજો પૂરી પાડે છે, અને ગંદકી દૂર કરે છે. એ સાંભળીને હઝરત અબૂ તલ્હા ફારૂકે આ'ઝમની ખિદમતગુઝારી પર દંગ રહી ગયા. પોતે કહેવા લાગ્યા, તલ્હા તારી માં તારા પર રડે ! તું ઉમરની ખામી શોધવા આવ્યો હતો ?! *(હયાતુલ હયવાનાત, ૧/૪૭, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૨૯)*

**(૬)** ફારૂકી યુગમાં એકવાર સખત દુકાળ પડયો. ચો તરફ ધૂળ ઉડતી હતી એટલા માટે એ વરસનું નામ ''આમ્મુર્રમાદા'' પડી ગયું. એ જમાનામાં પ્રજાના માટે હઝરત ઉમરની બેચૈની નોંધપાત્ર હતી. ગોશ્ત, ચરબી, ઘી સર્વ ત્યજી દીધું કેવળ ઝૈતૂનના તેલ અને ચાર્યા વિનાના લોટની રોટી પર ગુજારો કરતા હતા. શૃષ્કતાના કારણે પેટ બોલવા લાગ્યું હતું. પણ હઝરત ફારૂકે ફર્માવ્યું, અવાજ કર્યા કર ! તારા માટે અમારી પાસે ઝૈતૂનના તેલ સિવાય કાંઈ જ નથી, ત્યાં સુધી કે લોકોની હાલત સુધરી જાય. તેમના ગુલામ અસ્લમનું બયાન છે કે એમને એવું લાગતું હતું કે જો દુકાળ દૂર ન થયો તો મુસલમાનોના ગમમાં હઝરત ઉમરનું મૃત્યુ થઈ જશે.

એ જ જમાનામાં પોતાના એક નાના બાળકના હાથમાં તડબૂચ જોઈ લીધું. ફર્માવ્યું, અરે ! અમીરુલ મો'મિનીનના પુત્ર ! તું ફળ ખાઈ રહ્યો છે ? અને ઉમ્મતે મુહમ્મદ صلی اللہ علیہ وسلم ભૂખથી કમજોર થઈ ગઈ છે ! બાળક રડતો રડતો ભાગ્યો ! બાદમાં હઝરત ઉમરને જણાવવામાં આવ્યું કે તેણે ખજૂરોના ઠળીયા ભેગા કરીને એક મુટ્ઠી ઠળીયાના

બદલામાં કોઈક રીતે આ ખાવાની ચીજ મેળવી છે. એની જાણ થઈ તો ચુપ થઈ ગયા. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૫૬, ૨૫૯)*

(**નોંધ** : ક્યાં છે આજ કાલના લુચ્ચા, ઐયાશ, બદ્માશ પ્રકૃતિના, જાલિમ રાજકરણીઓ ! તેઓ વાંચે ઈસ્લામના આ મહાન ખલીફાઓની જિંદગીને અને વિચારે કે રાજ કઈ રીતે થઈ શકે છે અને પ્રજાનો લીડર કેવો હોવો જોઈએ. **–અનુવાદક**)

આ પ્રકરણમાં અસંખ્ય બનાવો છે સૌને એકત્ર કરવા શક્ય નથી. અને ન આવા જિમ્મેદારીના એહસાસવાળા પ્રજાના લીડરની બેતાબી તથા પ્રજાને ખાતર પોતાને દરેક લિજ્જત તથા રાહતથી દૂર થઈ જવાનું દષ્ટાંત શક્ય છે.

## અમલદારો પર કડકાઈ

ગવર્નમેન્ટ તથા સલ્તનતના પ્રકરણમાં હાથ નીચેના અમલદારોને સીધા માર્ગે રાખવાની જિમ્મેદારી કદાચ સર્વ કામોથી અધિક મુશ્કેલ તથા મહત્વની છે. જો ખલીફા કે સુલ્તાન જાતે પોતે ખૂબ જ અમાનતદાર, કૌમ તથા દેશનો સાચો હમદર્દ, દેશની પ્રગતિ તથા સુખશાંતિના માટે રાત દિવસ કાર્યરત છે પણ તેના હાથ નીચેના હાકિમો (અધિકારીઓ, અમલદારો) એશઆરામ કરવાવાળા, લાંચીયા તથા રાષ્ટ્રની મિલ્કત પોતાની કરવાની તરકીબોના નિષ્ણાત, પોતાની ફરજોથી બેપરવા કેવળ પોતાના માણસોના સુખ સગવડને ચાહનારા, અન્યો પર જુલ્મો સિતમ કરવાના તથા તેમનો હક્ક મારવાના આદી હોય, દેશ તથા કૌમની તરક્કી તથા ભલાઈના માટે હમદર્દીભર્યા સોચ તથા અથાગ મહેનતભર્યા અમલથી ખાલી હોય તો કેવળ એક સુલ્તાન અથવા અમુક ખાસ પ્રધાનોની અમાનતદારી કાંઈ રંગ નથી લાવતી. અને જો સુલ્તાન તથા અમીરો સર્વ બગડી



ચૂક્યા હોય તો પછી હક્ક, ઈન્સાફ, જિમ્મેદારીનો એહસાસ અને ફર્ઝની અદાયગી નામની કોઈ ચીજ દેશભરમાં મળવી મુશ્કેલ છે.

આ ક્ષેત્રે ખુલફાએ રાશિદીનનો અમલ આખા જગત માટે દીવાદાંડી સમાન તથા બોધપાત્ર છે. આવો જોઈએ ! એના અનુસંધાનમાં તેમના અખ્લાકની પાકટતા અને કિરદાર તથા અમલની મજબૂતી ક્યાં સુધી પહોંચેલી છે.

**(૧)** મિસ્રનો એક શખ્સ હઝરત ઉમર رضی اللہ عنہ ની પાસે મદીના આવ્યો. અર્ઝ કરી, અમીરુલ મો'મિનીન ! હું જુલ્મની ફરિયાદ લઈને આપને ત્યાં પનાહ માટે આવ્યો છું. ફર્માવ્યું, તમે પનાહની જગાની પનાહ લીધી. તેણે જણાવ્યું કે મેં મિસ્રના ગવર્નર અમ્ર ઈબ્ને આસના પુત્ર સાથે ઘોડે સવારીમાં મુકાબલો કર્યો અને તેનાથી આગળ નીકળી ગયો તો તે મને કોરડા વડે મારવા લાગ્યો અને કહેવા લાગ્યો, હું અશ્રફનો પુત્ર છું ! એના પર હઝરત ઉમરે અમ્ર ઈબ્ને આસને લખ્યું કે તમારા પુત્રને લઈને મદીના હાજર થાવ ! એઓ આવી જતાં મામલો રજૂ થયો. હઝરત ઉમરે ફરિયાદ કરનારાને ફર્માવ્યું, લે આ કોરડો લે અને તેને ફટકાર ! તે મારવા લાગ્યો તો હઝરત ઉમર બોલતા જઈ રહ્યા હતા કે, "અશ્રફના પુત્રને ફટકો માર !" હઝરત અનસ ફર્માવે છે, એ મારી રહ્યો હતો અને અમને એનું મારવું નાપસંદ હતું. તે એ વખતે રોકાયો જ્યારે અમારી આરઝૂ થઈ કે બસ ! હવે બંધ કરી આપે. પછી મિસ્રીને હઝરત ઉમરે ફર્માવ્યું, કોરડો અમ્રની ખોપડી પર મૂકી દે. મિસ્રીએ અર્ઝ કરી, અમીરુલ મો'મિનન ! તેમના પુત્રે મને માર્યો હતો અને મેં તેનાથી બદલો લઈ લીધો. ફારૂકે આ'ઝમે હઝરત અમ્રને ફર્માવ્યું, તમે ક્યારથી ઈન્સાનોને ગુલામ બનાવી લીધા જ્યારે કે એઓ પોતાની માંઓના પેટેથી આઝાદ પેદા થયા ? તેમણે અર્ઝ કરી, અમીરુલ મો'મિનીન ! આ કિસ્સાની ન મને જાણ થઈ

અને ન તો આ મારી પાસે ફરિયાદ માટે આવ્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૯)*

**(૨)** મલીહ ઈબ્ને ઔફ સુલમી ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہને ખબર મળી કે કૂફાના ગવર્નર સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ એ પોતાનું શાનદાર ફાટક બનાવ્યું છે અને ડેલી પણ બનાવી છે. એના પર તેમણે મુહમ્મદ ઈબ્ને મુસ્લમાને મોકલ્યા અને તેમની સાથે મને પણ જવાનો હુકમ આપ્યો કેમ કે શહેરો તથા માર્ગોનું માર્ગદર્શન હું જ કરતો હતો. અમીરુલ મો'મિનીને હુકમ આપ્યો હતો કે ફાટક તથા ડેલીમાં આગ લગાડી દેજો. મુહમ્મદ ઈબ્ને મુસ્લમાએ કૂફા પહોંચીને તેનું પાલન કર્યું.

બીજી ફરિયાદ એ પહોંચી હતી કે ખમ્સ ( માલે ગનીમતનો પાંચમો હિસ્સો ગરીબો, લાવારિસો માટે હોય છે તે)નો માલ વેચવામાં સઅદે કાંઈક તરફદારીથી કામ લીધું છે. એના પર એ હુકમ હતો કે સઅદને કૂફાવાસીઓ સમક્ષ મસ્જિદમાં ઉભા કરીને આ મામલાની પૂછતાછ કરવામાં આવે. એમણે એનું પણ પાલન કર્યું પણ કોઈ શખ્સે એ પ્રકારની કોઈ વાત ન બતાવી બલ્કે સૌએ હઝરત સઅદની તારીફ કરી. *(તબકાતે ઈબ્ને સઅદ, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૯)*

**(૩)** હઝરત ઉમર رضی اللہ عنہનો હુકમ હતો કે તમામ હાકિમો હજ્જના દિવસોમાં મક્કા આવે. એ મોકાએ હઝરત ઉમર رضی اللہ عنہ સૌની સમક્ષ એલાન કરતા કે કોઈને પોતાના હાકિમ સંબંધે કોઈ શિકાયત હોય તો રજૂ કરે હું તેનો ઈન્સાફ કરીશ. મેં અમલદારોને એટલા માટે મુકર્રર કર્યા નથી કે તમને મારપીટ કરે અથવા તમારા માલ તથા આબરૂ પર હાથ નાખે. મેં તેમને એટલા માટે મોકલ્યા છે કે તમને દીનની તા'લીમ આપે અને તમારા નબી صلی اللہ علیہ وسلمની સુન્નત શીખવાડે. જેની સાથે એની વિરુદ્ધનો વર્તાવ થયો હોય તે રજૂ કરે હું



બદલો અપાવીશ.

એકવાર આવું એલાન કર્યું તો પૂરા હજ્જના મજમામાંથી એક શખ્સ ઉભો થયો અને કહ્યું કે અમારા અમલદારે (અમ્ર ઈબ્ને આસે) મને સો કોરડા માર્યા છે. હઝરત ઉમરે પૂછતાછ કરી અને ફરિયાદીને કહ્યું, ઉઠ ! તારા ગવર્નરથી બદલો લે ! હઝરત અમ્રએ કહ્યું, અમીરુલ મો'મિનીન ! જો તમે અમલદારોની વિરુદ્ધ કેસાસ (બદલા)નો દરવાજો ખોલ્યો તો તેમના પર ખૂબ જ ભારે પડશે, અને આપના પછી પણ એ થતુ રહેશે. ફર્માવ્યું, હું અમલદારથી કેસાસ (બદલો) કેમ ન અપાવું જ્યારે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને જોયા છે કે પોતાની જાત પાસેથી કેસાસ અપાવતા. ઉઠો ! ફરિયાદી ! તમે બદલો લો ! અમ્રએ કહ્યું, ઈજાઝત આપો અમે એને રાજી કરી લઈએ છીએ. અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, એ માફ કરી આપે તો કોઈ વાંધો નથી. ગવર્નરે બસો દીનાર આપીને તેને રાજી કર્યો. દરેક કોરડાને બદલે બે અશરફી ! *(કિતાબુલ ખિરાજ લિલ ઈમામ અબી યૂસુફ, પેજ–૨૩૪, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૭)*

**(૪)** હઝરત અબૂ મૂસા અશઅરીએ હઝરત ઉમરનાં પત્ની આતિકા બિન્તે ઝયદ બિન અમ્ર બિન નુફૈલને એક દુપટ્ટો તોહફામાં મોકલ્યો. હઝરતે ઉમરે જોયું તો પત્નીને પૂછયું, આ ક્યાંથી આવ્યો ? અર્ઝ કરી, અબૂ મૂસાએ તોહફો મોકલ્યો છે. હઝરત ઉમરે દુપટ્ટો લીધો અને તેમના માથા પર માર્યો, તેણીની સર્વ ખુશી જતી રહી ! પછી હુકમ આપ્યો કે અબૂ મૂસા અશઅરીને હાજર કરવામાં આવે. લોકોએ હાજર કર્યા, તે ખૂબ જ થાકી ગયેલા હતા. આવતાં જ બોલ્યા, અમીરુલ મો'મિનીન ! જલ્દી ન કરશો ! ફર્માવ્યું, ઉમરની ઔરતો પાસે તોહફા મોકલવાનું કારણ શું છે ? તેઓ જવાબ ન આપી શક્યા. હઝરત ઉમરે દુપટ્ટો ઉઠાવ્યો અને તેમના માથા પર માર્યો અને

ફર્માવ્યું, લઈ જાવ ! અમારે એની જરૂરત નથી ! *(તબકાતે ઈબ્ને સઅદ, ઈબ્ને અસાકિર, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૧૭)*

આ પ્રકારનાં ઘણાં દષ્ટાંતો ખુલફાએ રાશિદીનની સીરત (જીવનચરિત્ર)માં ઝમગી રહેલાં છે અને ફારૂકે આ'ઝમને ત્યાં તો એનાં ઘણા દષ્ટાંતો મૌજૂદ છે. એ જ કારણે મોટા મોટા રાજ્યોના ગવર્નરો પોતાની સર્વ શક્તિ છતાં ફારૂકી હુકમની વિરુદ્ધ સેંકડો માઈલો દૂર રહીને પણ દમ મારી શક્તા ન હતા.

## ન્યાય તથા સમાનતા

દરેક ગવર્નમેન્ટ તથા હાકિમના તરફથી ન્યાય તથા સમાનતાની ચર્ચા થાય છે, પણ ન્યાય થાય છે કે નહીં ? એ મામલાઓને નજીકથી જોનારા જાણે છે. જ્યાં કોઈ શક્તિશાળી માલદાર, સગા સ્નેહી, દોસ્ત કે સંબંધી થયો તો ફેંસલો તેના ફેવરમાં થાય છે. બંને પક્ષે જો કોઈ એવો નથી તો લાંચ દરેક ન્યાયનું ખૂન કરવા માટે પૂરતી છે. હાકિમોની લાલચ તથા લોભની સાથે મઝલૂમો (જુલ્મ પામેલા) તથા કમજોરોની દરેક તદબીર નિરર્થક છે. ઉપરથી જુલ્મ એ કે પોતાની યુક્તિઓ પોતાની વાકછટા અને પોતાના પ્રચાર માધ્યમો થકી મઝલૂમને જાલિમ અને જાલિમને મઝલૂમ ઠરાવી દેવું તેમનો દરરોજનો નિયમ છે. જ્યારે આકાઓનો આ હાલ હોય તો પછી હાથ નીચેનાઓનો નંબર તેમનાથી કાંઈક આગળ જ હશે. કોઈની પાસે ઝમીર (દિલ) નથી કે પોતાનું નિરીક્ષણ કરે અને પોતાના કિરદારમાં કોઈ તબદીલી લાવે. ખુદાના ખૌફથી તો એમને લેવા દેવા જ નથી ! રહી ગઈ દુનિયાવાળાઓની શરમ, તો દરેક પ્રકારની શરમ પણ વિદાય થઈ જાય છે. પણ ખુલફાએ રાશિદીને જે રેકોર્ડ સ્થાપ્યો છે તે દુનિયાના અસ્તિત્વ સુધી બોધદાયક છે. તેમણે ન કેવળ એ કે સગાં સ્નેહીઓ અને શક્તિશાળીઓ



પાસેથી ઈન્સાફ અપાવ્યો છે બલ્કે પોતાની જાતથી પણ ઈન્સાફ અપાવ્યો છે. જુઓ આ તેમની સીરતના કેવા સોનેરી તથા અજોડ પ્રસંગો છે :–

**(૧)** અહવાઝની નજીક આવેલી ભૂમી બયરૂઝની ફતહ પછી બસરાના ગવર્નર હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ ખસ્સનો માલ એક પ્રતિનિધિમંડળની સાથે પાટનગર મદીના મોકલ્યા. ઝબ્બહ મહ્સન અનઝીએ માંગણી કરી કે પ્રતિનિધિમંડળમાં મને પર સામેલ કરી આપો. અબૂ મૂસાએ ફર્માવ્યું કે મેં તારાથી બેહતર લોકોને આ કામને માટે ચૂંટી લીધા છે. એના પર તે નારાજ થઈ ગયો. હઝરત અબૂ મૂસાએ તેનો કિસ્સો પણ લખીને પ્રતિનિધિમંડળ સાથે અમીરુલ મો'મિનીનની પાસે મોકલી આપ્યો. પ્રતિનિધિમંડળ પછી ઝબ્બહએ પહોંચીને હઝરત અબૂ મૂસાની શિકાયત નોંધ કરાવી કે તેમણે જમીનદારોની ઔલાદ પાસેથી સાઈઠ ગુલામ ખૂદ લઈ લીધા. અકીલા નામની તેમની એક બાંદી છે જેનો ખોરાક બંનેવ સમય પેટ ભરીને ખાવા છે. માપવાનાં બે માપિયાં રાખ્યાં છે. ઝિયાદ ઈબ્ને અબૂ સુફયાનને બસરાના કાર્યો સોંપી દીધાં છે. મશ્હૂર નકલખોર શાયર હુતઈયાને ઈનામમાં એક હજાર આપ્યા છે. અમીરુલ મો'મિનીને બસરાના અમલદારને બોલાવ્યા અને ઝબ્બહને પણ સામે બોલાવ્યો. તેણે પોતાની ફરિયાદ જણાવી કે તેમણે સાઈઠ ગુલામ ખૂદ લઈ લીધા. અબૂ મૂસાએ જવાબ આપ્યો કે તે ગુલામોના જિમ્મે ફિદિયો હતો. લોકોના કહેવા પર તે ફિદિયો મેં અદા કરી આપ્યો અને ફિદિયાનો માલ મુસલમાનોમાં વહેંચી આપ્યો. આ રીતે એ ગુલામ મારા કબ્જામાં આવી ગયા. ઝબ્બહએ કહ્યું, અબૂ મૂસાએ જૂઠુ નથી કહ્યું, અને હું પણ જૂઠુ નથી બોલ્યો. બીજી ફરિયાદ એ કે બે માપિયાં રાખતા હતા. એના માટે અબૂ મૂસાએ કહ્યું, એક માપિયુ મારાં ઘરવાળાંઓના માટે

છે જેનાથી તેમને અનાજ આપવામાં આવે છે અને એક માપિયુ મુસલમાનોનું એમના કબ્જામાં છે તેઓ એના થકી પોતાનું અનાજ લેતા રહે છે. ઝબ્બહએ કહ્યું, સાચુ છે ! અને હું પણ જૂઠુ નથી બોલ્યો. અકીલાનો ઉલ્લેખ થયો તો અબૂ મૂસા અશ્અરી ચૂપ રહ્યા. હઝરત ઉમરે સમજી લીધું કે એના વિશે ફરિયાદ દુરુસ્ત છે. ઝિયાદને અધિકારી બનાવવાનો ઉલ્લેખ થયો તો અબૂ મૂસાએ ફર્માવ્યું, મેં તેની અંદર કમાલ તથા બુઝુર્ગી તથા યોગ્ય નિર્ણય શક્તિ પામી એટલા માટે એને કામ સોંપ્યું. હુતઈયાને એક હજાર ઈનામ આપવાની ફરિયાદના વિશે તેમણે કહ્યું કે તે પોતાના ચાળા વડે શરીફ લોકોની બેઈજ્જતી કરે છે તો મેં માલ આપીને તેનું મોઢું બંધ કરી આપ્યું. આ સર્વ સાંભળ્યા બાદ હઝરત ઉમરે અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ને બસરા પાછા રવાના કરી આપ્યા અને તેમને હુકમ આપ્યો કે ઝિયાદ તથા અકીલાને મદીના મોકલો.

અકીલા ઝિયાદ કરતાં એક દિવસ અગાઉ આવી તેણીને મદીનામાં રોકી લીધી. ઝિયાદ આવ્યો તો દરવાજા પર રહ્યો. હઝરત ઉમર નીકળ્યા તો ઝિયાદને દરવાજા પર ઉભેલો જોયો. હઝરત ઉમરે અમુક સવાલો કર્યો. ઝિયાદની હાલત, પગાર, ફર્ઝો, સુન્નતો, કુર્આનના સંબંધે બાબતો પૂછી. જવાબો પરથી હઝરત ઉમરે સમજી લીધું કે આ શખ્સ ફકીહ અને સાહિબે રાય છે, એટલા માટે તેને તેના કામ પર યથાવત રાખ્યો અને બસરાના અમીરોને ફર્માન લખ્યું કે તેનાથી મશ્વરો લેતા રહે.

ઝબ્બહના બારામાં ફર્માવ્યું કે તે અબૂ મૂસા પર એટલા માટે નારાજ થયો કે એક દુનિયાવી કામ તેને સોંપવામાં ન આવ્યું. એણે અબૂ મૂસાની વિરૂદ્ધ જૂઠ તથા સત્ય બંનેવ વર્ણન કર્યાં. તેના જૂઠે સત્યને પણ ખરાબ કરી નાખ્યું. તમે લોકો જૂઠથી બચો કેમ કે એ જહન્નમમાં



લઈ જનાર છે. *(તારીખુલ ઉમમ વલ મલૂક, અબૂ જાફર મુહમ્મદ ઈબ્ને જરીર તિબરી, ૫/૧૭૬, પ્રેસ : બૈરૂત, અલકામિલ, ૨/૪૨૬)*

**(૨)** જંગે સિફ્ફીનમાં જતી વેળા હઝરત અલી رضی اللہ عنہ નું બખ્તર ખોવાઈ ગયું. જંગના પછી કૂફા પાછા આવ્યા તો એક યહૂદી પાસે તે બખ્તર જોયું. યહૂદીને કહ્યું કે આ મારું બખ્તર છે જે મેં ન વેચ્યું ન ભેટ આપ્યું છે. યહૂદીએ કહ્યું કે મારું બખ્તર છે. અને મારા હાથમાં છે. અમીરુલ મો'મિનીને કહ્યું, કાઝીને ત્યાં ચાલો ! કાઝી શરીહે મામલો પૂછયો. અમીરુલ મો'મિનીને બયાન કર્યો. યહૂદીને પૂછયું, તો તેણે કહ્યું, બખ્તર મારું છે અને મારા કબ્જામાં છે. કાઝી શરીહે પૂછયું, અમીરુલ મો'મિનીન ! તમારી પાસે ગવાહ છે ? ફર્માવ્યું, હા ! હસન અને કંબર ગવાહ છે કે બખ્તર મારું છે. કાઝીએ કહ્યું, બાપના હક્કમાં પુત્રની ગવાહી સ્વીકાર્ય નથી. જેથી બખ્તર યહૂદીના હાથમાં રહી ગયું અને તે લઈને ચાલતો થયો. થોડેક દૂર ગયા પછી તે પાછો ફર્યો અને કહ્યું, '' આ તો અંબિયાના અમલની પદ્ધતિ છે ! અમીરુલ મો'મિનીન (સમયના ખલીફા) થઈને ખૂદ પોતાનો મામલો કાઝીની પાસે લાવે અને કાઝી પણ તેમનો છે છતાં તેમની વિરુદ્ધ ફેંસલો આપ્યો ! હું ઈકરાર કરું છું કે સિફ્ફીન જતી વખતે અલીના હાથથી આ બખ્તર પડી ગઈ હતી અને મેં ઉઠાવી લીધી હતી. હું ગવાહી આપુ છું કે આપ લોકોનો દીન સાચો છે. اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّااللّٰهُ وَاَشْهَدُاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ લો ! આ બખ્તર આપનું છે.'' અમીરુલ મો'મિનીનને એના ઈસ્લામ લાવવાથી એટલી ખુશી થઈ કે તેને બખ્તર પણ આપી દીધું અને એક ઘોડો પણ આપ્યો. *(તારીખે ખુલફા–૧૮૫, તારીખે કામિલ, ઈબ્ને અષીર, ૨/૭૫૦)*

**(3)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કેટલાંક ઊંટો ખરીદયાં અને સરકારી ચરાગાહમાં ચરવા માટે મોકલી આપ્યાં. તાજાં થઈ ગયાં તો વેચવાના માટે બજારે લઈ ગયા. ફારૂકે આ'ઝમે બજારમાં

જોયું તો પૂછ્યું, આ તાજાં ઊંટો કોનાં છે ? બતાવવામાં આવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરનાં છે. અમીરુલ મો'મિનીને એમને બોલાવ્યા અને સ્થિતિ માલૂમ કરી. તેમણે અર્ઝ કરી, મેં એને ખરીદયાં અને ચરાગાહ (ગોચર)માં મોકલી આપ્યાં. એનાથી જેવી રીતે અન્ય મુસલમાનોને ફાયદો ઉઠાવવાનો હક્ક છે મેં પણ એ જ ફાયદો ઉઠાવવા ચાહ્યું. ફર્માવ્યું, અમીરુલ મો'મિનનો પુત્ર હોવાને લીધે સરકારી નોકરોએ તમારા ઊંટોની દેખભાળ કરી, ખૂદ તમે તેના માટે નોકર નથી રાખ્યો. એટલા માટે ઈન્સાફ એ છે કે ઊંટો વેચીને તમારી મૂડી લઈ લો અને બાકી રકમ સરકારી ખજાનામાં દાખલ કરી આપો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૦૭)*

**(૪)** બની મખ્ઝૂમનો એક શખ્સ હઝરત અમીર મુઆવિયાના પિતા અબૂ સુફયાનની વિરુદ્ધ ફારૂકે આ'ઝમ પાસે ફરિયાદ લાવ્યો કે તેમણે મારી જમીનની હદના બારામાં મારી સાથે જુલ્મ કર્યો છે. અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, હું એ હદને જાણું છું કેમ કે ઘણીવાર અમે મક્કાના છોકરાઓ સાથે ત્યાં રમ્યા કરતા હતા. જ્યારે હું મક્કા આવીશ તો મને મળજો. જ્યારે ફારૂકે આ'ઝમ મક્કા પહોંચ્યા તો તે મખ્ઝૂમી હઝરત અબૂ સુફયાનને લઈને આવ્યો. હઝરત ઉમર તે હદ સુધી પહોંચ્યા અને જોયા પછી ફર્માવ્યું, અબૂ સુફયાન ! તમે હદમાં તબદીલી કરી લીધી, આ પથ્થર અહીંથી ઉઠાવો અને ત્યાં રાખો. તેમણે ઈન્કાર કર્યો તો તેમને કોરડો ફટકાર્યો અને ફર્માવ્યું, આજ્ઞાપાલન કરો ! તમારી માં ન હોય ! અબૂ સુફયાને પથ્થર ઉઠાવ્યો અને ત્યાં રાખ્યો જ્યાં રાખવાનો ફારૂકે આ'ઝમે હુકમ આપ્યો. હઝરત ઉમરે કિબ્લા તરફ ચહેરો કરીને કહ્યું, અલ્લાહ શુક્ર છે તારો કે મેં અબૂ સુફયાનના નફ્સની ખ્વાહિશ પર કાબૂ મેળવ્યો, અને તેને ઈસ્લામના હુકમની તાબેદારી માટે મજબૂર કર્યો. અબૂ સુફયાને પણ ખાનએ કા'બા તરફ



રૂખ કર્યું અને કહ્યું, અલ્લાહ ! તારો શુક્ર છે કે મૌતથી પહેલાં ઈસ્લામની આ વકઅત (પ્રભાવ) મારા દિલને નસીબ થઈ કે ઈસ્લામના હુકમને ખાતર મેં ઉમરની તાબેદારી કરી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૧૪)*

**(૫)** અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما ફર્માવે છે : હું જલૂલાની જંગમાં શરીક હતો. ગનીમત આવી તો ચાલીસ હજારનો સામાન તેમાંથી મેં ખરીદી લીધો. હઝરત ઉમરની પાસે આવ્યો તો તેમણે ફર્માવ્યું, બેટા ! જો મને આગમાં નાખવાનો હુકમ થાય અને તમને કહેવામાં આવે કે ફિદિયો આપીને એને છોડાવી લો, તો શું ફિદિયો આપીને મને આઝાદ કરાવી શકો છો ? મેં અર્ઝ કરી, ખુદાની કસમ ! તમને જે ચીજથી પણ તકલીફ થાય તેનાથી મુક્તિના માટે ફિદીયો આપવા તૈયાર છું. ફર્માવ્યું, જાણે હું મારી નજરોથી જોઈ રહ્યો છું કે માલે ગનીમતનો જ્યારે તમે સોદો કરી રહ્યા હોઉ છો તો લોકો કહી રહ્યા છે, અબ્દુલ્લાહ ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના સહાબી છે, અમીરુલ મો'મિનીનના ફરઝંદ છે. અમીરુલ મો'મિનીને સૌથી અધિક મહબૂબ છે. અને ખરેખર તમે એવા જ છો. એ હાલતમાં તેમની નજીક એ અધિક પસંદ હશે કે એક દિરહમ વધારીને વેચવાને બદલો સો ઘટાડીને આપે.

વહેંચવાની જિમ્મેદારી મારી છે અને મારે જવાબ આપવાનો થશે. હું તમને એક દિરહમ પર એક દિરહમ નફો આપુ છું કુરૈશના કોઈ વેપારીએ જે નફો પામ્યો હશે આ એમના સૌથી અધિક હશે. એવું ફર્માવીને વેપારીઓને બોલાવ્યા અને કિંમત લગાવડાવી. તેઓએ ચાર લાખમાં ખરીદયો. એંસી હજાર હઝરત અબ્દુલ્લાહને આપ્યા અને ત્રણ લાખ વીસ હજાર હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસની પાસે એ ફર્માનની સાથે મોકલી આપ્યો કે જંગમાં શરીક થનારની દરમ્યાન

વહેંચી કાઢો, અને કોઈનો ઈન્તેકાલ થઈ ગયો હોય તો તેના વારસોને આપી દો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૧૮)*

**(૬)** હઝરત અહનફ ઈબ્ને કૈસ એક પ્રતિનિધિમંડળ સાથે ફારૂકે આ'ઝમની પાસે મહાન ફતહની ખુશખબરી લઈને આવ્યા. અમીરુલ મો'મિનીન તે લોકો સાથે હજી હાલાતની પૂછતાછ કરી રહ્યા હતા એવામાં એક માણસે એમાં દખલ નાખી કે ફલાણા માણસે મારી ઉપર જુલ્મ કર્યો છે, હું તમારી પાસે એટલા માટે હાજર થયો છું કે તમે મારી સાથે ચાલો અને મારી મદદ પહોંચો. વાતચીત દરમિયાન અચાનક આ દખલગીરીથી હઝરત ફારૂકે આ'ઝમને ગુસ્સો આવ્યો અને કોરડો ઉઠાવીને તેના માથા પર ફટકારી દીધો. અને ફર્માવ્યું, અમીરુલ મો'મિનીન જ્યારે તમારી ફરિયાદ સાંભળવા બેસે છે ત્યારે નથી આવતા અને જ્યારે મુસલમાનોના કોઈ કામમાં વ્યસ્ત હોય છે તો આવો છો કે ફરિયાદ સાંભળો ! ફરિયાદ સાંભળો ! તે શખ્સ નિરાશ થઈને જતો રહ્યો. પછી અમીરુલ મો'મિનીનને કાંઈક ખયાલ આવ્યો અને તેને પાછો બોલાવ્યો. તે હાજર થયો તો કોરડો તેની સામે રાખી દીધો અને ફર્માવ્યું, "બદલો લો !" તેણે કહ્યું કે, નહીં ! ખુદાની કસમ ! હું એને અલ્લાહના વાસ્તે અને તમારા ખાતર માફ કરું છું. ફર્માવ્યું, એ રીતે ન થશે. ક્યાં તો અલ્લાહના લીધે તેના સવાબના ખાતર માફ કરો, અથવા મારા લીધે માફ કરી રહ્યા છો તો મને બતાવો. એણે કહ્યું, હું અલ્લાહને ખાતર માફ કરું છું. પછી તે પાછો ચાલ્યો ગયો. અમીરુલ મો'મિનીન ઘરમાં ગયા, બે રકાત નમાઝ પઢી અને મુસલ્લમા પર બેસી ગયા અને કહેવા લાગ્યા, હે ખત્તાબના પુત્ર ! તું પસ્ત હતો અલ્લાહે તને બુલંદ કર્યો, તું ગુમરાહ હતો અલ્લાહે તને હિદાયત આપી, તું ઝલીલ હતો અલ્લાહે તને ઈજ્જત બખ્શી. પછી તને મુસલમાનોનો હાકિમ બનાવ્યો. હવે એક શખ્સ તારી પાસે ફરિયાદ



લઈને આવ્યો તો તેને તેં કોરડો મારી દીધો ?! કાલે રબ્બુલ આલમીનની બારગાહમાં હાજર થઈશ તો શું જવાબ આપીશ ?! આ રીતે પોતાના નફસને ધમકાવતા રહ્યા. અહનફ ફર્માવે છે કે, આ દશ્ય જોઈને અમને ખયાલ થયો કે આ પૃથ્વીના પટ પરનો સૌથી શ્રેષ્ઠ માનવ છે. *(ઈબ્ને અસાકિર, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૨૧)*

## ઝિમ્મી કાફિરો સાથે છૂટછાટભર્યો વર્તાવ

આજે જેહાદ અને જિઝિયાના સંબંધથી ઈસ્લામ પર ઘણા બધા વાંધાઓ કરવામાં આવે છે. અહીં સંપૂર્ણ ચર્ચાનો તો અવકાશ નથી પરંતુ ટૂંકમાં વિનંતિ છે કે આ વાંધાઓ ઈસ્લામની હકીકતથી અજાણતાના લીધે છે. અને એ ખયાલના આધારે છે કે આ કોઈ આસ્માની મઝહબ નથી બલ્કે એક કૌમનો પોતે ઘડી કાઢેલો મઝહબ છે. જ્યારે હકીકત એ છે કે ઈસ્લામ ખુદાનો ઉતારેલ દીન છે, કુર્આન અલ્લાહનું સાચુ કલામ છે અને એના કાનૂનો બનાવી કાઢેલા નથી બલ્કે રબ્બાની છે.

અલ્લાહ ﷻ એ મુસલમાનોને એના જિમ્મેદાર બનાવ્યા છે કે તેઓ ખુદાની હિદાયત આખી દુનિયામાં પહોંચાડે અને અલ્લાહનો કાનૂન આખા જગત પર લાગુ કરે, દુનિયાથી કુફ્ર તથા શિર્ક અને જુલ્મ તથા નાઈન્સાફીને મિટાવે અને હક્ક તથા ન્યાયની ઉચ્ચતા સ્થાપિત કરે.

એના પાલનમાં મુસલમાનોએ આખા વિ□ને હક્કની દા'વત આપી અને રૂએ જમીન પર અલ્લાહના હુકમના ફેલાવા માટે જાન તથા માલ વડે કોશિશ કરી. બીજી કૌમ જો ઈસ્લામ કબૂલ નથી કરતી તો તેના માટે કમસે કમ એ હતું કે ઈસ્લામની હુકૂમત હેઠળ રહેવાનું સ્વીકારે અને હુકૂમત તેની જાન તથા માલની રક્ષાની જિમ્મેદાર થશે જેના માટે તેણે જિઝિયો આપવો પડશે.

જંગે યરમૂકના વખતે મુસલમાનોએ હમ્સ છોડીને જંગનો મોરચો બીજે ઠેકાણે માંડવાનો હતો. ઈસ્લામી સેનાપતિએ હુકમ આપ્યો કે જ્યારે અમે આ શહેર છોડીને જઈ રહ્યા છીએ તો અહીંના લોકોની રક્ષા કરવાથી લાચાર છીએ એટલા માટે જિઝિયાની રકમ પરત કરી દેવામાં આવે. જેથી હમ્સ તથા તેની આસપાસના લોકોની લીધેલ રકમ પરત કરી દેવામાં આવી. આ ન્યાય પર તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા ! અને હમ્સવાળા રડતા હતા, દુઆ કરતા હતા કે ખુદા તમને ફરી પાછા લાવે. એટલા માટે કે **મુસલમાનોએ તેમને જે આઝાદી તથા ઈજ્જત આપી હતી તે તેમની પોતાની (ઈસાઈ) હુકૂમતના હેઠળ પણ તેમને ઉપલબ્ધ ન હતી.** એની સાથે જેહાદમાં આબાદીઓ ઉજ્જડ કરવા, ઝાડો અને હરીયાળી ખેતીઓને બર્બાદ કરવાની તદ્દન ઈજાઝત ન હતી, વૃદ્ધો, અશક્તો તથા સ્ત્રીઓને કતલ કરવાની મનાઈ હતી.

આજે જ્યારે કોઈને શક્તિ પ્રાપ્ત થઈ જાય છે તો તે લાખો માનવોને વિના સંકોચે કત્લ કરે છે, શહેરના શહેર વેરાન કરી દેવામાં આવે છે અને **પોતાની ચલાવવા માટે પૂરી દુનિયાને ગુલામ બનાવવાની કોશિશ કરે છે. અને તેના સમર્થકો તેની આ કાર્યવાહીને જાઈઝ સમજે છે. જો પોતાની ઉચ્ચતા માટે કોઈ સર્વ કાંઈ કરવાનો હક્ક રાખે છે તો ખુદાના કાનૂનની ઉચ્ચતા માટે તેની પૂરી મખ્લૂક પર રહમ તથા ન્યાયવાળો કાનૂન લાગુ કરવો કેમ કરીને જુર્મ સમજવામાં આવે છે ?**

હવે આપણે જોવાનું છે કે ખુલફાએ રાશિદીનના યુગમાં મુજાહિદોને શું હિદાયત થતી અને ઝિમ્મીઓને શું હૈસિયત આપવામાં આવતી હતી.



**૧.** સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ યઝીદ ઈબ્ને સુફયાનની સરદારી હેઠળ શામ (સીરીયા) તરફ લશ્કર મોકલ્યું તો તેમને ફર્માવ્યું કે દસ વાતોની હું તમને વસિયત કરું છું :–

**૧, ૨, ૩ :** કોઈ સ્ત્રી અથવા બાળક અથવા વયોવૃદ્ધને કત્લ ન કરશો. **૪.** કોઈ ફળદાર ઝાડ ન કાપશો. **૫.** કોઈ આબાદ જગ્યા વેરાન ન કરશો. **૬.** ખાવાની જરૂરત સિવાય કોઈ બકરી કે ઊંટ ઝબહ ન કરશો. **૭.** કોઈ ખજૂરનું ઝાડ પાણીમાં ન ડૂબાડશો. **૮.** ન તો તેને સળગાવીને બર્બાદ કરશો. **૯.** ગનીમતમાં ખયાનત ન કરશો. **૧૦.** બુઝદિલી ઈખ્તિયાર ન કરશો. *(બયહકી, તારીખે ખુલફા–૯૭)*

૨. બયતુલ મુકદ્દસના ઈસાઈઓએ સુલેહ માટે એ શરત રાખી હતી કે અમીરુલ મો'મિનીન ખૂદ સુલેહનામુ લખે. એટલા માટે ફારૂકે આ'ઝમે સફર કરી અને ''જાબિયહ'' પહોંચ્યા. ત્યાં ઈસ્લામી સેનાપતિ અને બયતુલ મુકદ્દસના ઈસાઈ તેમને મળ્યા અને આ પ્રમાણે સુલેહનામુ લખવામાં આવ્યું :–

''આ તે અમાન છે જે અલ્લાહના બંદા ઉપર અમીરુલ મો'મિનીને એલ્યાવાળાઓને આપી. આ અમાન જાન, માલ, ગિરજા, સબલી (ક્રોસ), બીમાર, તંદુરસ્ત તથા તેમના મઝહબના સર્વ લોકોના માટે છે. તેમના ગિરજાઓમાં પડાવ નાખવામાં નહીં આવે, ન તેને તોડી પાડવામાં આવશે. ન ગિરજાઓ તથા તેની હદોમાં કે સબીલોમાં કોઈ કમી કરવામાં આવશે, ન તેમનો માલ ઓછો કરવામાં આવશે, ન દીનના મામલામાં તેમના પર કોઈ જબરદસ્તી થશે, ન કોઈને નુકસાન પહોંચાડવામાં આવશે, ન તેમની સાથે એલ્યામાં કોઈ યહૂદીનો વસવાટ કરવામાં આવશે અને એલ્યાવાળાઓના જિમ્મે એ છે કે જેવી રીતે મદાયનવાળા જિઝિયો અદા કરે છે તેમ એઓ પણ અદા કરે અને પોતાને ત્યાંથી રોમીઓ અને ચોરોને કાઢી મૂકે. તેઓમાંથી પણ

જે જાતે પોતે નીકળી જાય તેના જાનમાલની અમાન છે અને તેના જિમ્મે પર એ જ પ્રમાણે જિઝિયો છે જેવો એલ્યાવાળાઓ પર છે. અને એલ્યાવાળાઓમાંથી જે લોકો પોતાના ગિરજાઓ અને સલીબોને છોડીને રોમીઓની સાથે જવા ઈચ્છે તેમને પણ અમાન છે, ત્યાં સુધી કે તેઓ પોતાની અમ્નની જગાએ પહોંચી જાય, એમના ગિરજાઓ તથા સલીબોથી પણ રોક થામ ન થશે, અને એલ્યામાં ફલાણાના કત્લથી પહેલાંના જે રહેવાસીઓ છે તેઓ જો અહીં રહેવા ચાહે તો જિઝિયાની અદાયગીના સાથે રહી શકે છે. અને રોમીઓની સાથે જવા ઈચ્છે તો જઈ શકે છે અથવા પોતાના માણસો પાસે અન્ય જગાએ જવા ચાહે તો જઈ શકે છે જ્યાં સુધી તેમની ખેતીની કમાણી ન થઈ જાય તેમની પાસેથી કાંઈ વસૂલ કરવામાં નહીં આવે.

જે કાંઈ આ લખાણમાં લખવામાં આવ્યું તેના પર અલ્લાહનો વાયદો છે અને તેના રસૂલનો જિમ્મો, ખલીફાઓનો જિમ્મો અને મો'મિનોનો જિમ્મો છે, જ્યાં સુધી કે તેઓ જિઝયો અદા કરતા રહે, એના પર ખાલિદ ઈબ્ને વલીદ, અમ્ર ઈબ્ને આસ, અબ્દુર્રહ્માન ઈબ્ને ઔફ તથા મુઆવિયા ઈબ્ને અબી સુફયાન ગવાહ છે.

અન્ય સ્થળોના કરારનામાંઓમાં પણ આ જ પ્રમાણે જાન માલ, દેવળો, ક્રોસોની અમાન વગેરેનો ઉલ્લેખ છે. *(તારીખે તિબ્રી, ૪/૪૩૬, પ્રેસ : બૈરૂત, દારુલ ફિક્ર)*

**૩.** જ્યારે ઝિમ્મીઓએ મુસલમાનોની વફાદારી અને તેમનું સદ્વર્તન જોયું તો મુસલમાનોના મદદગાર થઈ ગયા અને મુસલમાનોના દુશ્મનોની માહિતી પૂરી પાડવા લાગ્યા. દરેક શહેરના લોકોએ પોતાના તરફથી અમુક જાસૂસો આ કામ માટે લગાડી દીધા કે તેઓ રોમ તથા રોમના શાહની ખબર લાવતા રહે અને એ માલૂમ કરે કે તેઓ હવે શું કરવા ચાહે છે. દરેકે શહેરમાં તેમના કાસિદ એ



ખબર લાવ્યા કે રોમ ઘણી જ જબરદસ્ત તૈયારી કરી રહ્યા છે અને મહાન લશ્કર એકત્ર કરી રહ્યા છે. શહેરના સરદારોએ પોત પોતાના શહેરના વાલીઓને માહિતગાર કર્યા. શહેરના વાલીએ હઝરત અબૂ ઓબૈદાને ખબરદાર કર્યા. હઝરત અબૂ ઓબૈદા અને મુસલમાન લીડરોએ જોયું કે મામલો ઘણો ગંભીર છે અને મુકાબલા માટે શહેર છોડીને આપણે કોઈ યોગ્ય સ્થળે લશ્કરી જમાવટ કરવી પડશે. એટલા માટે શામ (સીરિયા)ના ગવર્નર અબૂ ઓબૈદાએ દરેક **શહેરના હાકિમને લખ્યું કે ઝિમ્મીઓ પાસેથી જે જિઝિયો તથા ખિરાજ (મેહસૂલ) લેવામાં આવ્યું છે તે તેઓને પરત કરી દેવામાં આવે અને જણાવી દેવામાં આવે કે અમે આ રકમ એ શર્ત પર લીધી હતી કે તમારી રક્ષા કરીશું પરંતુ વર્તમાન સંજોગોમાં અમે એના માટે શક્તિમાન નથી એટલા માટે તમારી રકમ પરત કરીએ છીએ. જો અમને ફતહ પ્રાપ્ત થઈ અને અમે પાછા આવ્યા તો અગાઉ જણાવેલી શરત પર અમે કાયમ રહીશું.** એ રકમ પરત કરવામાં આવી અને આ વાત દર્શાવવામાં આવી તો ઝિમ્મીઓએ કહ્યું, ખુદા તમને પાછા લાવે અને દુશ્મનો પર તમને જીત નસીબ કરે, તમારી જગાએ જો એ લોકો (ઈસાઈઓ) હોત તો કાંઈ જ પાછુ ન આપત, અને જે કાંઈ બચ્યું છે તે પણ લઈ લેત ! અમારા માટે કાંઈ ન છોડત.

યરમૂકમાં રોમીઓ અને મુસલમાનો વચ્ચે સખ્ત જંગ થઈ. અલ્લાહે મુસલમાનોને જીત આપી. હવે દરેક શહેરોના વાલી અને મુસલમાન તે શહેરોમાં પાછા આવવા લાગ્યા તો ત્યાંના ઝિમ્મીઓ તેમનું સ્વાગત કરતા અને જે માલ તેમને પાછો આપ્યો હતો તે ખૂદ લાવીને આપતા જતા.

આ સ્થિતિ જ્યારે તે શહેરવાળાઓએ જોઈ જેમની સાથે સુલેહ ન

થઈ હતી તો તેઓ પણ એ જ શર્તે સુલહ કરવા તૈયાર થઈ ગયા. તેમણે જિઝયો અદા કર્યો અને પોતાના શહેરો પર મુસલમાનોને કબ્જો આપી દીધો. *(કિતાબુલ ખિરાજ, અઝ : ઈમામ યૂસુફ, ૨૮૨ થી ૨૮૮માંથી ટૂંકાવીને)*

હઝરત ખાલિદ ઈબ્ને વલીદ ઉન્દલુસની ફતહ પછી હયરા પહોંચ્યા તો ત્યાં ઈરાનના શાહના નિયુક્ત કરેલા વાલી ઈયાસ ઈબ્ને કબીસા તાઈથી આ પ્રમાણે ચર્ચા થઈ :–

"હું તમને અલ્લાહની તરફ અને ઈસ્લામની તરફ બોલાવું છું. જો તમે દા'વત કબૂલ કરી તો તમારા માટે પણ તે હક્કો હશે જે મુસલમાનોના માટે છે અને તમારા ઉપર પણ તે ફર્ઝો હશે જે મુસલમાનો ઉપર છે. એ જો તમને મંજૂર ન હોય તો જિઝિયો અદા કરો અને જો એ પણ મંઝૂર ન હોય તો સાંભળી લો ! હું તમારી પાસે એવી કૌમ લઈને આવ્યો છું કે તમને જેટલા પ્રમાણમાં જીવવાની લાલચ છે તેનાથી વિશેષ તેઓએ મરી જવાની લાલચ છે ! ઈયાસે કહ્યું, અમારે તમારી સાથે જંગની જરૂરત નથી, ન તો તમારા દીનમાં દાખલ થવા ચાહીએ છીએ, અમે અમારા ધર્મ પર કાયમ રહીશું અને જિઝિયો અદા કરીશું.

હઝરત ખાલિદે નેવુ હજાર વાર્ષિક જિઝિયાની શર્તે તેમની સાથે સુલહ કરી લીધી અને તે કરાર થયો કે તેમનું કોઈ દેવળ, કલીસા કે કિલ્લો તોડવામાં આવશે નહીં, ન તો નાકૂસ વગાડવાથી રોકવામાં આવશે, ન તહેવારોના દિવસે સલીબ (ક્રોસ) કાઢવાથી રોકવામાં આવશે, અને ન તેઓ કોઈ દગો કરશે. મુસલમાનોમાંથી જો કોઈ તેમને ત્યાંથી પસાર થશે તો ઈસ્લામ ધર્મની રૂએ હલાલ ખાણા વડે તેમની ઝિયાફત કરવી પડશે. તે વખતે જે સુલેહનામુ તૈયાર થયું તેના શબ્દો આ પ્રમાણે હતા :–



"બિસ્મિલ્લાહિર્રહ્‌માર્નિરહીમ.....આ હયરાવાસીઓના માટે ખાલિદ બિન વલીદનું લખાણ છે કે રસૂલુલ્લાહ ﷺના ખલીફા અબૂબક્ર એ મને હુકમ આપ્યો કે યમામાથી પાછા ફરતાં હું ઈરાકવાસીઓ પાસે જાઉં અને જહન્નમની ચેતવણી સંભળાવું. જો તેઓ કબૂલ કરી લે તો તેઓને તે જ હક્ક પ્રાપ્ત થશે જે મુસલમાનોને હોય છે. અને તેમના ઉપર પણ તે ફર્ઝ થશે જે મુસલમાનો પર હોય છે.

હુકમ પ્રમાણે હું હયરા પહોંચ્યો. મારી પાસે ઈયાસ ઈબ્ને કબીસા તાઈ હયરાના અમુક સરદારોની સાથે આવ્યો. મેં તેમને ખુદા વ રસૂલની તરફ દા'વત આપી. તેમણે કબૂલ ન કરી તો મેં તેમની સમક્ષ જિઝિયા અથવા જંગની વાત રાખી. તેમણે કહ્યું, અમારે જંગની જરૂરત નથી, પરંતુ જેવી રીતે અન્ય અહલે કિતાબવાળાઓએ જિઝિયો અદા કરવાની શરતે સુલેહ કરી છે એ જ શરત પર અમે પણ સુલેહ કરીએ છીએ."

મેં જોયું કે સાત હજાર પુરૂષો છે એમાં ધ્યાન કર્યું તો એક હજાર અપંગ અથવા લાચાર મળ્યા, તેમને મેં ગણત્રીમાંથી બાદ કરી નાખ્યા, જેથી જેમના પર જિઝિયો લગાડયો તે છ હજાર થયા. તેમણે નેવુ હજારની રકમ અદા કરવા પર સુલહ કરી. મેં શર્ત રાખી કે તેમના પર અલ્લાહનો વાયદો અને મીષાક છે જે તૌરાત તથા ઈન્જીલવાળાઓથી લેવામાં આવ્યો છે કે ન તેઓ મુખાલફત (વિરોધ) કરશે, ન અરબ તથા અજમના કોઈ મુસ્લિમ વિરુદ્ધ કોઈ કાફિરને મદદ કરશે, ન મુસલમાનોના ખાસ સ્થળોની ગૈરોને જાણ કરશે. તેમના પર તેના સંબંધે અલ્લાહનો વાયદો તથા તે મીષાક છે જે તેમણે તૌરાત તથા ઈન્જીલવાળાઓથી લીધો છે અને તે સૌથી સખ્ત વાયદો જે કોઈ નબી પર લેવામાં આવ્યો છે. જો આ વાયદા વિરુદ્ધ વર્તે તો તેમના માટે અમાન તથા જિમ્મો બાકી રહેશે નહીં, અને જો તેની કાળજી રાખે તો કોઈ કરારવાળાને જે હક્ક આપવામાં આવે છે તે તેમના

માટે પણ હશે. અને અમારા જિમ્મે તેમની હિફાઝત છે જો અલ્લાહે અમને દુશ્મનો પર ફતહ આપી તો પણ એઓ આ કરાર પર રહેશે. તેમના માટે એના પર ખુદાનો વાયદો તથા મીષાક છે.

તેમના માટે મેં એ પણ રાખ્યું છે કે જે શખ્સ ઉમરવાળા થઈને કામથી લાચાર થઈ જાય અથવા જેના પર કોઈ અચાનક આફત આવી પડે અથવા મોહતાજ કે નાદાર થઈ જાય કે તેના મઝહબવાળા તેને ખૈરાત કરવા લાગે તો તેનો જિઝિયો રદ (માફ) કરી દેવામાં આવશે. અને જ્યાં સુધી તેઓ દારુલ ઈસ્લામમાં રહે તેની તથા તેના બાળ બચ્ચાંઓનું ભરણપોષણ મુસલમાનોના બૈતુલ માલથી કરવામાં આવશે. જો તેઓ દારુલ હિજરત તથા દારુલ ઈસ્લામથી નીકળીને કોઈ અન્ય જગાએ ચાલ્યા જાય તો તેમનું ભરણપોષણ મુસલમાનોના જિમ્મે રહેશે નહીં. અને તેમનો જે ગુલામ પણ મુસલમાન થઈ જાય તેને મુસલમાનોના બજારમાં ઉભો કરીને કોઈ કમી તથા ઉતાવળ વિના વધુને વધુ કિંમત પર વેચવામાં આવશે અને તેની કિંમત ગુલામના માલિકને આપી દેવામાં આવશે.

અને તેઓ જે પણ પોશાક પહેરે છે તે પહેરી શકે છે પણ જંગી લિબાસની ઈજાઝત નથી, ન તો એ કે મુસલમાનોનો લિબાસ પહેરીને તેમના જેવા થઈ જાય. જો કોઈને જંગી લિબાસમાં જોવામાં આવ્યો તો એના વિશે તેની પૂછપરછ થશે, જો કોઈ યોગ્ય કારણ જણાવ્યું તો ઠીક, નહીં તો લિબાસના પ્રમાણે તેને સજા આપવામાં આવશે. તેમની સાથે મેં એ પણ શર્ત રાખી છે કે જે રકમ પર સુલહ થઈ છે તેને વસૂલ કરીને મુસલમાનોના બૈતુલ માલમાં જમા કરાવવું તેમના અમલદારોની જિમ્મેદારી છે, એના માટે જો મુસલમાનો પાસે મદદગાર માંગશે તો તેમને મદદગાર આપવામાં આવશે અને મદદગારોનો ખર્ચ મુસલમાનોના બતયુલ માલથી અદા થશે. *(કિતાબુલ ખિરાજ, ઈમામ*



*અબૂ યૂસુફ, ૨૮૯, ૨૯૦ ટૂંકાવીને)*

આ સુલહનામાંઓથી સ્પષ્ટ જાહેર થાય છે કે ઝિમ્મીઓની જાન, માલ, પ્રાર્થનાલયોની રક્ષા તથા તેમના ધર્મ અને રસ્મોમાં રુકાવટ ન કરવાનો જિમ્મો લેવામાં આવતો. કોઈ પણ અન્ય કૌમના માટે એથી વિશેષ રક્ષાનું દષ્ટાંત શું હોઈ શકે ?

## ખૌફે ખુદા

મુસલમાનોના સર્વ અખ્લાક (સુસંસ્કાર)નું મૂળ તેમનું ઈમાન અને ખુદાનો ડર છે. આ એવી ચીજ છે જે દરેક હાલતમાં માણસને ઉચ્ચ અખ્લાકનું નિમંત્રણ આપે છે. જો એ ન હોય તો ટેમ્પરરી રીતે અથવા દેખાવ પૂરતો માણસ સારી વાતો અપનાવી શકે છે પણ જો તેને કોઈ ચેતવણી કે બદનામીનો અંદેશો ન હોય તો તે કાંઈ પણ કરી શકે છે. એ જ પ્રમાણે કોઈ શક્તિવાન અને વિજયી કોઈ કમજોર તથા હારી ચૂકેલા સાથે કોઈ પણ સખતથી સખત કરાર કરી લે. પરંતુ જો તેની અંદર જો વચનભંગ તથા બેવફાઈ પર ખુદાનો ખૌફ નથી તો કોઈ પણ સમયે તે કરાર વિરુદ્ધ વર્તન કરી શકે છે, અને હારેલો તથા કમજોર તેનું કાંઈ બગાડી શકશે નહીં. રહી ગયો દુનિયામાં બદનામી તથા બેઈજ્જતીનો ભય તો જૂઠનો ખૂબ ખૂબ પ્રચાર એવી શક્તિ છે જે કોઈ પણ કમજોરના સત્યને આસાનીથી જેર કરી શકે છે. દુનિયા એ જ માનશે જે સાંભળશે. આજે જે અખ્લાકી નીચતા આવી ચૂકી છે એનો સૌથી મોટો સબબ ખુદાના ડરની ઉણપ અને દુનિયાની લાલચ છે. ખુલફાએ રાશિદીનની સ્થિતિ આ પ્રમાણે હતી :–

**(૧)** હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ એકવાર બૈતુલ માલ સાફ કર્યો તેમાં એક દિરહમ રહી ગયો હતો. સંજોગોવસાત હઝરત ઉમરનો કોઈ પુત્ર ત્યાંથી પસાર થયો તો હઝરત અબૂ મૂસા અશ્અરીએ તે દિરહમ તેને આપી દીધો. ફારૂકે આ'ઝમે બાળકના

હાથમાં દિરહમ જોયો તો પૂછયું, આ તને કયાંથી મળ્યો? તેણે જણાવ્યું, હઝરત અબૂ મૂસાએ આપ્યો છે. હવે હઝરત ઉમર હઝરત અબૂ મૂસાની પાસે આવ્યા. ફર્માવ્યું, તમને મદીનામાં ઉમરની ઔલાદથી નબળુ કોઈ ઘર ન મળ્યું ?! તમે ચાહો છો કે એક દિરહમને ખાતર ઉમ્મતની દરેક વ્યક્તિ એ એક દિરહમમાં તેનો જે હક્ક મારવામાં આવે છે તેની માંગણી કરે ? અને આખેરતમાં આપણાથી સવાલ થાય ? એવું કહ્યું અને તે દિરહમ લઈને માલે ગનીમતમાં દાખલ કરાવી આપ્યો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૩૧૮)*

**(૨)** હઝરત ઉમરે હઝરત સલ્માન ફારસી رضي الله تعالى عنهને પૂછયું, હું બાદશાહ છું કે ખલીફા ? તેમણે કહ્યું કે જો તમે આ જમીનથી એક દિરહમ કે ઓછુવત્તુ વસૂલ કર્યું પછી તેને ત્યાં ખર્ચ્યું જયાં તેનો ખર્ચ કરવાનો હક્ક ન હતો તો તમે બાદશાહ છો, ખલીફા નથી. આ સાંભળીને હઝરત ઉમરની આંખો અશ્રુમય બની ગઈ. *(તબકાતે ઈબ્ને સઅદ, કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૧૪)*

**(૩)** હઝરત અબૂબક્ર رضي الله عنهના એક ફરઝંદનો અંતિમ સમય હતો. તે વારંવાર પોતાના તકીયાની તરફ નજર નાખતો, તેની વફાત થઈ ગઈ. તો લોકોએ સિદીકે અકબરને કહ્યું, આપના ફરઝદને અમે વારંવાર તકીયા તરફ નજર કરતો જોયો છે. તકીયો હટાવવામાં આવ્યો તો તેની નીચે પાંચ કે છ દીનાર મળ્યા. હઝરત અબૂબક્રએ હાથ પર હાથ માર્યો અને ઈન્નલાલિલ્લાહિ.....પઢવા લાગ્યા. ફર્માવ્યું, હે ફલાણા ! હું નથી માનતો કે તારું ખોળીયું એ દીનારનો ભાર ઉઠાવી શકશે.

**(૪)** પોતાના વિસાલ વખતે સિદીકે અકબરે ફારૂકે આ'ઝમને ખૌફે ખુદાની તલ્કીન કરી અને આ પ્રમાણે વસિયત કરી :–

"હે ઉમર ! અલ્લાહનો એક તે હક્ક છે જે રાતમાં અદા થાય છે,



તે તેને દિવસે કબૂલ નથી કરતો. અને એક તે હક્ક છે જે દિવસમાં અદા થાય છે, તે તેને રાતમાં કબૂલ નથી કરતો. યકીન જાણો ! કે **જ્યાં સુધી ફર્ઝ અદા કરવામાં નહીં આવે તો કોઈ નફલ કબૂલ થશે નહીં !** ઉમર ! તમે જોયું નથી કે કિયામતના દિવસે જેનો મીઝાને અમલ ભારે થયો, એ કારણે ભારે થયો કે તેમણે હક્કની પયરવી કરી અને તેમના હક્કનું પલ્લુ ભારે રહ્યું. અને જે મીઝાનમાં કાલે કેવળ હક્ક જ રાખવામાં આવશે તેણે ભારે થવું પણ જોઈએ. હે ઉમર ! જોયું નહીં કે કિયામતના દિવસે જેનું અમલનું ત્રાજવું હલકુ રહ્યું એ સબબે હલકુ થયું કે તેમણે બાતિલની પયરવી કરી અને બાતિલ તેમના ઉપર હલકો રહ્યો. અને જે મીઝાનમાં કાલે બાતિલ જ રાખવામાં આવશે તેણે પણ હલકુ જ હોવું જોઈએ.... (છેવટ સુધી) *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૧૭૭, અલ કામિલ, ઈબ્ને અષીર, ૨/૨૬૮)*

**(૫)** મિસ્રના ગવર્નર હઝરત અમ્ર ઈબ્ને આસે મુઆવિયા ઈબ્ને ખદીજને ફતહે ઈસ્કંદરીયાની ખબર આપવા માટે મદીના ફારૂકે આઝમની પાસે મોકલ્યા. તેઓ પહોંચ્યા તો બપોરનો સમય હતો. સવારી મસ્જિદના દરવાજે બેસાડી અને ખૂદ મસ્જિદની અંદર ચાલ્યા ગયા. થોડીવાર ન થઈ હતી એવામાં એક બાંદી આવી ગઈ કે અમીરુલ મો'મિનીન બોલાવે છે. ખૈર ખબર તથા ખાવા પીવા પછી હઝરત ઉમરે મુઆવિયાને પૂછયું, તમે મારી પાસે આવવાને બદલે મસ્જિદમાં કયા વિચારથી જતા રહ્યા ? તેમણે અર્ઝ કરી, મેં વિચાર્યું કે બપોરનો સમય છે, અમીરુલ મો'મિનીન કયલૂલા કરી રહ્યા હશે. ફર્માવ્યું, તમે બુરુ ગુમાન કર્યું ! સાંભળી લો ! જો દિવસે સૂવું છું તો પ્રજાનું નુકસાન અને તેમની બર્બાદી છે અને જો રાતે સૂવુ છું તો મારું પોતાનું નુકસાન છે અને મારી બર્બાદી છે. મુઆવિયા ! આ બંને વાતો હોવા છતાં સૂવાનું કેવું ? *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૨૬)*

રહી ગઈ અન્ય ચીજો જેમ કે બીમારોની ખબર કાઢવી, કમજોરોની મદદ, દુઃખદર્દવાળાઓને આ□ાસન, પડોશીઓનો ખયાલ વગેરે અન્ય અખ્લાક તો એમાં ખુલફાએ કિરામનો હિસ્સો અન્ય લોકોથી વિશેષ હતો. હઝરત ઉમરની પાસે રાજ્યોમાંથી કોઈ પ્રતિનિધિમંડળ આવતું તો તેને પૂછતા કે તમારા અમીરની શું સ્થિતિ છે ? તેઓ પ્રશંસા કરતા તો પૂછતા કે શું તે બીમારોની ખબર કાઢે છે ? શું ગુલામોની ખબર પૂછે છે ? કમજોરો સાથે ભલો વર્તાવ કરે છે ? શું પોતાના દરવાજા બહાર લોકોની ફરિયાદ સાંભળવા બેસે છે ? તેમાંની કોઈ વાતના વિશે જો તેઓ નકારમાં જવાબ આપતા તો હઝરત ઉમર તે અમીરને બરતરફ કરી દેતા. *(તારીખે તિબરી, ૫/૨૨૨)*

એ સર્વનું પરિણામ એ હતું કે તેમણે કૌમમાં હુરિર્યત (લોકશાહી)ની રૂહ ફૂંકી દીધી અને અમીરો માટે હક્કની પયરવી સિવાય કોઈ ચારો ન રહ્યો. કમજોરો, બીમારોની ઈમદાદ તથા અયાદત (ખબર અંતર પૂછવી) તેમની તબીઅત બની ગઈ અને દરેક શખ્સ એવું સમજતો હતો કે કોઈ હાકિમે જો અમારા પર જુલ્મ કર્યો તો એક એવી પનાહગાહ (શરણ સ્થાન) મૌજૂદ છે જ્યાં જાલિમોનું જોર ચાલી શક્તુ નથી. એ સૌથી વિશેષ એ છે કે ખૂદ અમીરુલ મો'મિનીનની જો પકડ થતી તો તેઓ હક્ક સ્વીકારવાને માટે હસ્ત મુખે તૈયાર રહેતા અને તેના શુક્રગુઝાર રહેતા જેણે તેમને નાહક્કથી રોક્યા અને હક્કની હિદાયત કરી. આ કેવળ એટલા માટે કે તેમનાં દિલોમાં ખુદાનો ખૌફ અને આખેરત પર ઈમાન હતું. તેઓ દુનિયાની બેઈજ્જતી તથા ઝિલ્લતને આખેરતની બેઈજ્જતી તથા સજા સામે તુચ્છ સમજતા હતા અને ત્યાંની આફિયત (ભલાઈ)ને અહીંની મોટી મોટી સગવડો પર અગ્રતા આપતા હતા.

મુહમ્મદ ઈબ્ને મુસ્લિમા તે મહાન સહાબી હતા જેમને હઝરત



ઉમર ગવર્નરોના સંબંધે ફરિયાદોની ચકાસણી તથા જાહેરમાં તેની તપાસના માટે મોકલતા રહેતા હતા. એકવાર એમને ફારૂકે આ'ઝમે પૂછી લીધું, તમે મને કેવો પામો છો ? તેમણે કહ્યું, ખુદાની કસમ ! આપને એવો જ પામુ (જોઉં) છું જેવું હું ચાહું છું, અને જેવું દરેક શખ્સ ચાહે છે જે આપની ભલાઈ ચાહે છે. હું તમને માલ જમા કરવા માટે શક્તિમાન હોવા છતાં ખૂદ માલથી દૂરી અપનાવનાર અને માલની વહેંચણીમાં આદિલ જાઉં છું. અને જો ન્યાયના માર્ગથી તમે મોંઢુ ફેરવ્યું તો અમે તમને સીધા કરી દઈશું જેવી રીતે તીરને ઓજાર વડે સીધુ કરી દેવામાં આવે છે. હઝરત ફારૂકે ફર્માવ્યું, ખુદાનો શુક્ર છે કે તેણે મને એવી કૌમમાં રાખ્યો છે કે જો હું વાંકો થઈ જાઉં તો તેઓ અને સીધો કરી નાખે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૪/૨૧૦)*

**આ તે ઉચ્ચ અખ્લાક (સંસ્કાર, આદતો) છે જેનું ઉદાહરણ કોઈપણ કૌમના મહાનથી મહાન આબિદો તથા પવિત્ર પુરૂષોમાંથી નથી મળી શક્તું. અને જહાંબાની તથા હુકમરાનીના ક્ષેત્રે ખુલફાએ રાશિદીને જે સાવધાનીઓ વર્તી છે અને જે રીતે કૌમને રાહત પહોંચાડી છે અને ખૂદને દરેક આરામથી દૂર રાખ્યા છે તેનું દ્રષ્ટાંત કોઈ અન્ય કૌમમાં મળવાની શક્યતા એ નાહક્કની કલ્પનાથી વિશેષ કાંઈ નથી.** આજે બાતિલની શક્તિ અને મુસલમાનોની મુજરિમાના સતત ગફલતને લોકોના માટે જાત જાતની ઝબાનદરાઝીનો દરવાજો ખોલી નાખ્યો છે, પરંતુ **દરેક ઈન્સાફપસંદ તથા હક્ક જોનાર ફૈંસલો કરી શકે છે કે આલમી અમ્ન (વિ□શાંતિ) અને કાયમી ખુશહાલી ઈસ્લામી કાનૂનો તથા ઈસ્લામના રસૂલ તથા ખુલફાએ રાશિદીનની સીરતના અનુસરણ વિના હાંસલ થઈ શક્શે નહીં.**

**وصلی اللّٰه تعالیٰ علیٰ سیّدنا محمدٍ واٰلهٖ وصحبهٖ اجمعین۔**